Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ માર્ગશિર્ષ આત્મ સં. ૩૪. અંક ૫ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

| | | |
|---|---|---|
| ૧ | વીર કોણ ? ...કાયર કોણ ? | ૧૦૫-૧૦૬ |
| ૨ | ગૃહિણી ગુણ ગીતા. ... ... | ૧૦૬ |
| ૩ | વ્યવહાર દશામાં વિચરનાર ચિત્તને બોધ. ... ... ... | ૧૦૮ |
| ૪ | મનોરથોની ઉપયોગીતા અને બળ. | ૧૧૩ |
| ૫ | હિતરૂપ સૂક્ત વચનો. ... ... | ૧૧૫ |
| ૬ | શ્રીપાર્શ્વનાથ પ્રભુ સ્મરણનો મહિમા. | ૧૧૭ |
| ૭ | શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... | ૧૧૯ |
| ૮ | શ્રી સંઘ માહાત્મ્ય સ્તુતિ. ... | ૧૨૫ |
| ૯ | સાભાર સ્વીકાર અને સમાલોચના... | ૧૨૮ |

મુદ્રક:—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મુલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો. તૈયાર છે. જલદી મંગાવો.

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચરિત્ર.

પ્રભુના પ્રથમ ગણધરના આગલા ભવનું અલૌકિક વર્ણન, ભગવાનના આગલા ભવો અને તીર્થંકરના ભવના પંચકલ્યાણકોનું સુંદર, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વૃત્તાંત, દેવતાઓએ કરેલ તે તે વખતની અપૂર્વ ભક્તિનું દરેક સમયનું વર્ણન, કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછીની બોધપ્રદ, જ્ઞેય, ઉપાદેય અને ઉચ્ચ શૈલીનો ઉપદેશ અનેક કથાઓ–અવાંતર કથાઓથી ભરપુર આ ચરિત્ર છે. ઉંચા એન્ટીક પેપર ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ, ખેંચાણકારક બાઇંડીંગથી સુશોભીત કરાવવામાં આ ગ્રંથ આવેલ છે. શેઠ દીપચંદ ગાંડાભાઇની આર્થિક સહાયવડે સીરીઝ તરીકે પ્રકટ થશે.

કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો.

આ માસમાં આપવા માટે ગયા અને તેની પહેલાંના અંકમાં જાહેર કર્યું હતું; પરંતુ આ શહેરમાં આજે ત્રણ માસથી તાવની સખ્ત બિમારી મોટા પ્રમાણમાં ચાલતી હોવાથી છાપખાનાના માણસો બિમાર પડી જતાં તૈયાર થઇ શક્યા નથી તેથી ઢીલ થઇ છે, જેથી અમારા સુજ્ઞ સભાસદો દરગુજર કરશે. હવે તે તૈયાર થતાં તરતજ ધારા પ્રમાણે દરેક (લાઇફ) સભાસદ બંધુઓને મોકલી આપવામાં આવશે.

---

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે આ ગ્રંથ છપાયેલ છે.

અદ્વિતીય સજ્જન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. આ ગ્રંથની રચના સંવત ૧૪૫૨ ની સાલમાં શ્રી જ્ઞાનસાગરસૂરિ મહારાજે કરી છે. પ્રભુ શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. આ ચરિત્રની રચના પ્રતિભાશાળી, મનોહર, રસગૌરવ શૈલીથી અલંકૃત છે. ગ્રંથની રચના અલૌકિક અને તેમાં છુપાયેલ તાત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મરૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્મુખ લઈ જાય છે. આ ગ્રંથમાં જે મહાન્ પ્રભુનું ચરિત્ર આપેલ છે, તે સમયમાં દેશની સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કરનારને ભાન થાય છે. શરૂઆતમાં અઢીદ્વીપ સંબંધી ગ્રંથકાર મહારાજે સંક્ષિપ્ત વર્ણન આપેલ હોવાથી, આ આરંભવાંચનથી ભૂતકાળના ઇતિહાસ સાથે જૈન ભૂગોળનું પણ જાણપણું થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન-પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં, પુસ્તકાલયમાં હોવો જોઈએ. રોયલ આઠ પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા પાંચસો પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ટાઈપથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र-भाष्य-द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४५६ मार्गशिर्ष. आत्म सं. ३४. { अंक ५ मो.

## વીર કોણ ?

( છપ્પો )

વીર તેહ કહેવાય, વીરની આણા પાળે,
વીર તેહ કહેવાય, વીરનાં પગલે ચાલે,
વીર તેહ કહેવાય, દુઃખથી જે નહીં ડરતા,
વીર તેહ કહેવાય, અતિશય ધીરજ ધરતા.

વીર એજ વખાણીયે, થઈ શૂરવીર રહે સદા;
ઝવેર કહે વિઘ્નો થકી, ડગે નહીં તે નર કદા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કાયર કોણ ?

( છપ્પો )

કાયરમાં હું એક, દુઃખને વિઘ્નોથી ડરતો,
કાયરમાં હું એક, નહીં મન ધીરજ ધરતો,
કાયરમાં હું એક, પ્રતિજ્ઞા પ્રેમે નહીં પાળું,
કાયરમાં હું એક, મોહ ને વિષયોમાં મ્હાલું,

છું કાયર શિરોમણી, પગલે પગલે હું તો ડરૂં;
ઝવેર કહે જીન વીર વિના, શી રીતે ભવજલ તરૂં.

ઝ૦ છો૦ સુરવાડા.

ૐ

# ગૃહિણી ગુણ ગીતા.

( પદ્ધતિ રાસડાની )

સખીઓ ! ષડ્‌વિધ સુંદર ગૃહિણીગુણ ઉર ધારજોરે,
વર્ણન કરીએ સાચા તેના વિધ વિધ કાજ;
માનવ જન્મ સફળ કરવા અવસર છે આજ.
એ ગુણ સાધ્ય ગણી નિજ જીવનમાંહી ઉતારજો રે.
( ભાષા ) **પ્રથમ ગુણ—કાર્યેષુ મંત્રી.**

( સાખી )

કાર્ય કઠિનમાં કાન્તનું, કરે **મંત્રી**વત્ કામ,
પ્રોત્સાહન પ્રેમે દીએ, દીપાવે કુળ નામ.
બ્હેની ! પ્રથમ ગુણ ગ્રહિ જગમાં કીર્તિ જમાવજોરે. સખીઓ. ૧
( ભાષા ) **દ્વિતીયગુણ—કરણેષુ દાસી.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( સાખી )

ગૃહ વ્યવહાર ચલાવવા, **દાસી** સમ કરે કામ;
કૌટુમ્બીક જનની સદા, સેવા કરવી તમામ.
બ્હેની ! દ્વિતીય ગુણ ગ્રહિ ગૃહનો ભાર ઉઠાવજોરે. સ૦ ૨

( ભાષા ) **તૃતીય ગુણ—ભોજયેષુ માતા.**

( સાખી )

ભોજન વેળા ભાવથી, રસવતીનો આસ્વાદ;
**માત** કરાવે બાળને, પ્રિયતમ ત્યમ સુપ્રસાદ.
બ્હેની ! તૃતીય ગુણ ગ્રહિ ભોજન ભાવે કરાવજોરે. સ૦ ૩

( ભાષા ) **ચતુર્થ ગુણ—શયનેષુ રંભા.**

( સાખી )

**રંભા** જ્યું નિજ નાથને, શયન સમય સાક્ષાત્;
સાત્વિક સુખ અર્પે સદા, ત્યમ કુલવતી વિખ્યાત.
બ્હેની ! ચતુર્થ ગુણ ગ્રહિ નાથ સાથ દીપાવજોરે. સ૦ ૪

( ભાષા ) **પંચમ ગુણ—ધર્માનુકૂલા.**

( સાખી )

**ધાર્મિક** જીવન જીવવા, રહે સદા અનુકુલ;
સહચારી શિવમાર્ગની, ગણવી એહ અમૂલ.
બ્હેની ! પંચમ ગુણ ગ્રહિ ધર્મ જીવન દૃઢ પાળજોરે. સ૦ ૫

( ભાષા ) **ષષ્ઠ ગુણ—ક્ષમયા ધરિત્રી.**

( સાખી )

'**ક્ષમા**' ગુણ સંસારમાં, સ્વ-પર હિતાવહ કાજ;
મેળવીએ અતિ યત્નથી, સકલ ગુણ શિરતાજ.
બ્હેની ! ષષ્ઠ ગુણ ગ્રહિ ક્ષમાધર્મ રસ રેલજોરે. સ૦ ૬

( ભાષા ) **સારાંશ ષટ્ગુણ યુક્તાત્રિહ ધર્મપત્ની.**

( હરિગીત )

ઉપરોક્ત ષટ્ ગુણ જેહ નારીમાં હશે તે જાણવી,
માનવ છતાં એ માનુની દૈવી વિભૂતિ માનવી;
મળવો ખરેખર યોગ દુષ્કર તદપિ સત્સંગ યોગથી,
સંસ્કારી જીવન ગાળવા "સન્દેશ" શુદ્ધ પ્રયોગથી. સ૦ ૭

**( વેલચંદ ધનજી )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યવહાર દશામાં વિચરનાર ચિત્તને બોધ.

## મુમુક્ષુ આત્માનાં લક્ષણો.

અરે! પ્રિય ચંચળ ચિત્ત, તારી યોગ્યતા ઘણી છે, તારી શક્તિ અગાધ છે, તારી નિપુણતા લોકમાં વખણાએલી છે અને તારૂં સામર્થ્ય અદ્વિતીય ગણાયેલું છે, તે છતાં અમારે તને કટલોએક બોધ આપવાનો છે. તું વ્યવહારદશામાં વિચરતાં કેટલીએક વાતો ભુલી જાય છે. કારણ કે તું વિક્ષેપનું વિશાળ ક્ષેત્ર બની જાય છે. એ વિશાળ ક્ષેત્રમાં તારી સ્થિતિ એવી થઇ જાય છે કે, જેથી અમારી સર્વ પ્રકારની મર્યાદાનો ભંગ થઇ જાય છે. વ્યવહાર દશામાં સહનશીલતા અને શાંતિ એ ઉભય વસ્તુને તું તદ્દન ભુલી જાય છે. એ ઉભય વસ્તુનો પ્રભાવ તારા દોષને લઇને અમારાથી ભોગવી શકાતો નથી. અરે ચંચળ મન ! આ જગતમાં ઉત્તમ પુરૂષો બીજાના ઉપકારને માટે કેવા કેવા મહાન્ પ્રયત્નો કરે છે ? અને કેવી કેવી મુશ્કેલીઓ વેઠે છે ? તેનો તારે વિચાર કરવો જોઈએ. તારામાં પણ જો એ ઉપકારબુદ્ધિ હોય તો તારે તારી ચંચળતા છોડી દેવી જોઇએ. અને સહનશીલતા તેમજ શાંતિ ગ્રહણ કરવી જોઈએ. અમે અનેક ઉપાયો કરીએ છીએ તે છતાં આ જગત્ના અસત્ય આવરણો આડાં આવ્યાંજ કરે છે, તેને લઇને અમોને સત્ય માર્ગની સૂઝ પડતી નથી. તને અમે વિનંતિ કરી કહીએ છીએ કે, આ વિશ્વપ્રપંચમાં તું શા માટે રચ્યું પચ્યું રહે છે ? શા માટે પ્રિય માનેલા પદાર્થોને છોડવા તારી વૃત્તિ માગતી નથી ? અને આ વિશ્વપ્રપંચના યથાર્થ સ્વરૂપને ઓળખતી નથી ? હવે જો તું તારી તે વૃત્તિને છોડીશ નહીં તો પછી અમે નિશ્ચય કર્યો છે કે, વિવેક વિચારથી તને શાંત અને અંકુશિત બનાવવું. પ્રિય ચિત્ત ! કદિ તું એમ કહે કે, " હું મારી ચંચલ વૃત્તિને છોડવા સમર્થ નથી. તેથી શું કરૂં ? " તો અમો તને જે ઉપાય બતાવીએ, તે તારે ગ્રહણ કરવો. આ વ્યવહારદશા કે જેને તેં સત્ય માનેલી છે, તે તારા કુસંગનું પરિણામ છે, તને એક એવા નઠારા પુરૂષનો સંગ થયો છે કે, જેથી તું આ વ્યવહાર દશામાં વિપરીત માર્ગે અથડાયા કરે છે. એ નઠારો પુરૂષ **મોહ** છે. એના કુસંગથી જ તારી આ દશા થઇ છે. એ કુમિત્રનો તારે ત્યાગ કરવો જ જોઇએ. એ મોહ રૂપ મિત્રથી જો તું મુક્ત થઇશ તો ' સુખકારક કર્ત્તવ્ય કયું છે ? ' એનું તને ભાન આવશે. એ મોહ મિત્રને લઇને જ તને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયોગ–વિયોગના પ્રસંગે હર્ષ–શોકાદિ થાય છે. એ મોહની મહાન્ સત્તા છે. એ સત્તાને તારે દુર્બલ બનાવવી જ જોઇએ. તેમ કરવાથીજ તને સત્ય સુખ પ્રાપ્ત થશે. આ જગત્‌ના સર્વ સ્થૂલ સૂક્ષ્મ પદાર્થ અચળ નથી. કોઇ આજ, કોઇ કાલ એમ લય ભાવને પામ્યા વિના રહેતું નથી. આ જીવનની મર્યાદામાંથી એવા ચાલી જતા સ્થૂલ સૂક્ષ્મ પદાર્થો માટે જ્યારે કોઇનો ઉપાય ચાલતો નથી, ત્યારે તે વિષે શોક કરવો આદરણીય કેમ ગણાય? અરે ચલ ચિત્ત! આ બધો વિચાર કરીને તારે તારા નઠારા મિત્ર મોહનો સર્વથા ત્યાગ કરી દેવો. એ દુર્મિત્ર તને અનેક આપત્તિના આવર્ત્તમાં પાડી વ્યવહાર દશામાં રખડાવે છે. એ વ્યવહારદશા અનેક વિપત્તિને ઉત્પન્ન કરી તારૂં અશ્રેય કરશે. હે ચપલ ચિત્ત ! એ મોહ તો સ્વભાવથી જ દુરાચારી છે એટલે તેને માટે જેટલું અશુભ કહીએ તેટલું થોડું છે, પણ તારા કેટલાએક સારા મિત્રો છે તેનાથી પણ તારે ચેતતા રહેવાનું છે. તે સારા મિત્રોમાં **પ્રેમ** એ મુખ્ય છે. એ મહાન્ મિત્રની મહત્તા ઘણે ઠેકાણે ગવાય છે, તથાપિ એ મિત્રના સંગનો સદુપયોગ કરવાની જરૂર છે. આ સંસાર અને બીજા સુખકારક સાધનોમાં જો તેનો ઉપયોગ કરવામાં આવે તો તે તને વિપરીત માર્ગે દોરી જશે. કારણ કે, તે મિત્રનો સ્વભાવ સંગના રંગને ગ્રહણ કરવાનો છે. તે જેની પાસે જશે તેની પાસે તેવા રંગનો બની જાય છે; તેથી તે સંગરંગી મિત્રને તું એવાની સાથે જોડી દે કે જેથી તું સન્માર્ગે ચાલવાને સમર્થ થઇ શકે. જો તે પ્રેમને વિષયોમાં લઇ જઈશ તો પછી તે તેના સંગમાં લગ્ન થઇ જશે અને તને વિષયોમાં ફસાવી પાડશે કે, જે વિષયો તને વિષની જેવા પીડાકારી થઇ પડશે. તેથી એ પ્રેમને તું પરમાત્માની સાથે લગાડજે. જેથી તને વ્યવહાર દશામાં પણ અનેક જાતના લાભ આપશે. એટલું જ નહીં પણ છેવટે તને વ્યવહાર દશાના પાશમાંથી મુકત થવાની યોગ્યતા અર્પશે. કેટલાએક વૈરાગ્યના આવેશને લઇને કહે છે કે, પ્રેમનો તો સર્વથા ત્યાગ કરવો જોઇએ, પરંતુ એમ કરવાની કાંઇ જરૂર નથી. માત્ર પ્રેમનો સદુપયોગ કરવો એજ તેનો શુભ હેતુ છે. ખરેખરો પ્રેમ અને દયા એ દૈવી વસ્તુ હોવાથી તારા ઉચ્ચ તત્ત્વો છે. એનાથી તારામાં કોમળ અને સાત્ત્વિક ભાવ ઉદય પામે છે. ને પરિણામે તારા ચંચળત્વ રૂપ રોગને ઔષધ રૂપ થઇ પડે છે. પ્રેમનો ઉપયોગ સમજ્યા વગર પ્રેમ એ શુભ નથી, એવો તેની ઉપર આરોપ મૂકવો એ સદ્‌વિચાર નથી. સદ્‌વિચાર એટલા માટે નથી કે, અમે અજ્ઞાનતાથી તને ( મનને ) ઠેકાણે રાખી શકતા નથી, તેથી પ્રેમ ઉપર દોષ મૂકવામાં આવે છે, પણ જેઓ તારી વૃત્તિને ઠેકાણે રાખી શકે છે. તેઓ તેનો સદુપયોગ કરી શકે છે. પ્રિય હૃદય ! આ વાત લક્ષમાં રાખી તારે અમારી અનુકૂલતા સાચવવી જોઇએ. સાવધાનપણે કાલની ગતિનો, જગતના સર્વ પ્રાણી પદાર્થની વાસ્તવિક સ્થિતિનો, અને શોકદુ:ખના કારણનો વિચાર કરવાની શક્તિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રગટ કરી તું અમોને અનુકૂલ રહેજે. તેમ છતાં પણ જો તું પ્રતિકૂલ રહીશ તો પછી અમે અમારી શક્તિનો ઉપયોગ કરવા પ્રયત્ન કરીશું. વિશ્વોપકારી શાસ્ત્રો અને ગુરૂઓની કૃપાથી અમો હવે સાવધાન થયા છીએ. અરે ચંચળ મિત્ર, હવે અમે પ્રમાદમાં રહેવાના નથી. ભાવી સુખદુ:ખનો જ્ઞાનપૂર્વક વિચાર કરવા અમે સાવધાન થયા છીએ. તારામાં જે ચંચળતાનો દોષ છે, તે દોષ શાથી પ્રગટે છે ? એ શોધ કરવા અમારી પ્રવૃત્તિ થઈ છે. સુખ અને દુ:ખ વગેરે બધા તારા જ વિકાર છે, એમ સમજી સમાનવૃત્તિ ધારણ કરવાનો અભ્યાસ અને નિશ્ચય કરવા અમારો યત્ન થયો છે. આ અનિત્ય જગતમાં ઉત્પન્ન થયેલાઓ શાશ્વત અને નિત્ય નથી, એમ સમજી સંયોગ સમયેજ વિયોગને માની લેવામાં આવે તો મનુષ્યોને સુખદુ:ખનું ભાન જ થવા પામે નહી, અને જેમને સુખદુ:ખનું ભાન થવા પામતું નથી, જેઓ 'મારૂં–તારૂં' કરવાના મિથ્યા મમત્વથી દૂર રહે છે, તેઓજ સમચિત્ત દશાને પ્રાપ્ત કરી મુક્તિનો માર્ગ સરળ બનાવી શકે છે, આવો અમોને નિશ્ચય થયો છે. તેથી હે મિત્ર ચિત્ત ! હવે અમોને તારી પ્રતિકૂલતાનો ભય રહેશે નહીં. તારે સ્વત: અમોને અનુકૂલ રહેવું પડશે. તેમ છતાં તું જો તારી કુટેવ પ્રગટ કરીશ તો પછી અમે તારો નિગ્રહ કરવાની પ્રવૃત્તિ કરીશું. અમોને ગુરૂ કૃપાથી ખાત્રી થઇ છે કે, તને વશ કરવાની પ્રવૃત્તિ મોટા સાધનોથી કરવી. તારૂં વશીકરણ તે અમોને મુક્તિસુંદરીનું વશીકરણ થઇ પડશે. પ્રિય હૃદયબંધુ ! તને માત્ર એટલી જ વિનંતિ કરવાની છે કે, તારામાં સ્વાભાવિક કે કૃત્રિમ જે દોષો રહેલા હોય, તે દોષો દૂર કરી અમારી સાથે વર્ત્તવા કૃપા કરજે. અને વ્યવહાર દશામાં વિચરતાં તને જે મુશ્કેલીઓ આવે તેમાંથી પસાર થવાની યુક્તિઓને અનુસરજે. હે ચિત્ત! અમોએ વિચાર કર્યો છે કે, આ જીવન અસ્થિર છે. શીતકાળની શીતળતાને, ઉષ્ણકાળની ઉષ્ણતાને અને શરદ્કાલની શરદીને કયાં સ્થિરતા છે ? કે જન્મ જન્માંતરને પ્રાપ્ત થતાં પ્રાણીઓનાં જીવનને સ્થિરતા હોય ? જેની સ્થિરતા નથી તેનો મોહ શો ? મોહ એજ સુખદુ:ખનું કારણ છે. આ સંસાર વેગથી દોડતાં ઊંડા પ્રવાહરૂપ છે. તેને તરી પાર ઉતરવાની સાવધાની નહીં રાખનાર પુરૂષ તેમાં તણાઇને ડુબે છે એટલે ભય, દુ:ખથી નાશ પામે છે. આમ હોવાથી નિશ્ચય, જ્ઞાન અને ધર્મના બળે કરી સાવધાન રહી તે તણાવા અને ડુબાવાપણાથી બચવું એજ જીવનની સાર્થકતાનો યત્ન છે" હે ચંચળ ચિત્ત ! આ અમારો નિશ્ચય અમોએ તારી પાસે નિવેદન કર્યો છે, તે લક્ષમાં રાખી અમોને સહાય કરવા તત્પર થજે. આ વ્યવહાર દશા કે જેની અંદર વિક્ષેપ વગેરે અંતરાય કરનારી સ્થિતિઓ આવ્યા કરે છે, તેમાં તારે સાવધાન રહી અમોને સહાય કરવી. જો તું તારી પોતાની મેળે અમોને સહાય કરીશ તોપછી અમારે તારા નિગ્રહનો પ્રયત્ન શામાટે કરવો જોઇએ ? જે પોતાની મેળે અનુકૂલ રહે તેને શામાટે સતાવવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈએ ? કદિ તું એમ કહીશ કે, "જો તમારામાં મને અનુકૂલ કરવાની શક્તિ છે તો પછી મારી પાસે આજીજી શામાટે કરો છો ?" તેના ઉત્તરમાં કહેવાનું કે, અમો હાલ વ્યવહાર દશામાં છીએ, તેથી તને નિગ્રહ કરવાની પૂર્ણ સામગ્રી અમો મેળવી શકતા નથી. જો અમે વ્યવહાર દશામાં ન હોઇએ તો તારી વિશેષ ગરજ પડે નહીં. પ્રિય મિત્ર! તથાપિ તારે યાદ રાખવું કે, તારા સામર્થ્યને નિર્બલ કરવાની બધી કુંચીઓ અમારા હાથમાં આવી ગઇ છે. તારી ચંચળતાને દૂર કરવાના બધા સાધનો અમોએ હાથ કર્યા છે અને તેવા વિચારોની સાથે તને જોડવા પ્રયત્ન પણ આદર્યો છે. અમોએ વિચાર્યું છે કે, "જેમ નદીનો પ્રવાહ પર્વતમાંથી નીકળી સમુદ્રમાં જઇ મળે છે, તેમ મોહરૂપ પર્વતમાંથી આ સંસાર રૂપ સરિતા નીકળી કામરૂપ મહાસાગરમાં મળે છે. જેમ સમુદ્રના પાણીના પરમાણુઓ આકાશમાં એકઠા થાય છે, આકાશમાં એકઠા થઇને વાદળારૂપે બંધાય છે, વાદળારૂપે બંધાઇને વરસાદ રૂપે પૃથ્વીપર પડે છે, વરસાદરૂપે પૃથ્વીપર પડી નદીના પ્રવાહ રૂપે વહે છે અને નદીના પ્રવાહરૂપે વહીને સમુદ્રમાં જઇ મળે છે, તેવી જ રીતે આ અનુક્રમે કર્મના વેગથી ચાલેલી આ સંસાર સરિતા કાળરૂપ સમુદ્રને છેવટે મળે છે. આમ હોવાથી જ્ઞાનીઓએ કાળને ફરતા ચક્રની ઉપમા આપેલી છે. આ અમારી સમજણ તારા વિપરીત વેગને અટકાવવા પૂર્ણ રીતે સમર્થ થઇ શકે તેમ છે. કદિ અમે વ્યવહાર દશામાં વર્ત્તતા હોઇએ પણ જો તારા વેગને આ વિચારમાં લઇ જઇએ તો પછી તારૂં વિરૂદ્ધ સામર્થ્ય ચાલી શકશે નહીં, એવી અમોને ખાત્રી થાય છે.

પ્રિય ચંચળ મિત્ર! વળી અમે સારી રીતે સમજીએ છીએ કે, આ સંસારમાં પ્રિય થઈ પડેલા પદાર્થોનો વિયોગ કિંવા નાશ અમોને દુઃખ ઉપજાવે છે.

જગતનો ઇતિહાસ જણાવે છે કે અનેક મહાન પુરૂષો, ચક્રવર્ત્તીઓ, મહારાજાઓ, રાજાઓ, વિદ્વાનો અને ડાહ્યા પુરૂષો પણ ચાલ્યા ગયા છે. કેટલાએક ડાહ્યા મનુષ્યો પણ પોતાના પ્રિય માનવીના મૃત્યુને લીધે ભારે શોક કરી ચુકયા છે; પરંતુ એ શોકથી ગત માનવીના પુનઃ તેમને દર્શન થયાં નથી. નાશવંત પદાર્થોનો જ્યારે ત્યારે નાશ થયા વિના રહેજ નહીં; એમ સમજી શોક કરીને થાકેલા અસંખ્ય મનુષ્યોનાં અનેક ઉદાહરણો જીગતનો ઇતિહાસ આપી રહ્યો છે. જ્યારે ગત પ્રાણી કે પદાર્થો મળતાં નથી, ત્યારે આપણાં તન મનને નિરર્થક શોક કરીને શા માટે નિર્બલ બનાવવાં જોઇએ ? પૃથ્વીપર પ્રાણીઓ કાંઇ રોજ થોડાં જન્મતાં નથી અને કાંઇ થોડાં મરણ પામતાં નથી; જેમને આપણાં જાણ્યાં અને માન્યાં તેમનુંજ આપણને સુખ દુઃખ ઉપજે છે; પરંતુ જેમને આપણાં જાણ્યા અને માન્યા તેમના સરખી જ જન્મ અને મરણની આપણી પણ સ્થિતિ છે, તો પછી કોઇ મોડું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કોઈ વહેલું જાય, તેમાં શોક શો કરવો ? આ કર્માધીન જગત્ નાશ પામવાને માટે ઉત્પન્ન થાય છે, એમ સમજવું ઉચિત છે. હે ચંચલ ચિત્ત, આ સમજણ અમોને તારા પ્રભાવથી જ મળી છે. કારણ કે અમારા સારા નરસા વિચારોનું સ્થાન તું જ છે. વળી અમે સમજવા લાગ્યા છીએ કે આ જગતના વિનાશી પદાર્થો ઉપર જ્યારે જ્ઞાનદૃષ્ટિ ફેરવીએ છીએ ત્યારે જ શોક મુકત થઇ શકાય છે. આ જીવનનો હેતુ પ્રાણ છે અને જે પ્રાણથી શરીર ઘવાયું છે, તેજ શરીર પણ સંગવાળું હોવાથી સંગ તૂટવાના પ્રસંગોએ વ્યાકુલતા થવી સંભવે જ છે તથાપિ સંગ સેવામાં સુખ વૃત્તિની સ્થાપના કરી નાંખવા કરતાં મોહાદિક સંગદોષથી મુકત રહેવામાં જ તું વ્યાકુલતા પામી શકતું નથી. અરે મન, આ વિચાર તારામાં અમે બલાત્કારે સ્થાપિત કર્યો છે.

અરે ચંચળ ચિત્ત ! તું વ્યવહાર દશામાં રમે છે, પણ તને તાબે કરી અમોએ વિચાર કરવા માંડયો છે કે, આ આત્માનું સ્વરૂપ અવિક્રિય છે-ચેતન છે, તો તેને સ્વાભિમાનવાળી ક્રિયાવડે મમત્વને બાંધી પરાધીન અને અચેતન બનાવવાનો મિથ્યા યત્ન કરવો, એ કેટલું બધું મૂર્ખત્વ ગણાય? પદાર્થ માત્રના ક્ષણિકપણાનો અને મિથ્યાપણાનો–તેમાં સુખનું અનુમાન કરનારી વૃત્તિઓને અનુભવ કરાવવો એજ સંતોષના શાંતિદાયક આવિર્ભાવને જાણતા રહેવાનો સન્માર્ગ છે. વળી તત્ત્વનો વિચાર કરવાથી જ " હું કોણ ? કયાંથી આવ્યો ? અને મારૂં કોણ છે ? " તે સારી રીતે સમજાય છે. આત્મા અજન્મ અને નિત્ય છે. કર્મોના ગુણોવડે વિશ્વ-વ્યવહાર સરજાએલ હોવાથી જગતમાં સર્વથી પ્રિય પ્રાણિ માત્રને પોતાનો આત્મા-જ હોવો જોઇએ, શરીર સંબંધના યોગે આપણો આત્મા આપણામાં જ હોવા છતાં તે સર્વ દૃશ્ય પદાર્થોને પ્રકાશ કરતો હોવાથી તેને એવા પર પ્રકાશ્ય પદાર્થો પ્રકાશ આપી શકતાં નથી; આમ હોવાથી આપણો આત્મા કે જે આપણને ઘણો જ પ્રિય હોવો જોઇએ, તે કેવળ અભિન્ન હોવાથી બીજા પદાર્થોની પેઠે પ્રતીત થઇ શકતો નથી. આમ હોવાથી આત્માના નિર્લેપ અને નિર્વિકારી શુદ્ધ સ્વરૂપને ઓળખવાનો યત્ન કરવો, એજ ઉપાધિથી મુકત થવાનો સરસ ઉપાય છે. " પ્રિય મન ! આ અમારો નિશ્ચય અમોને વ્યવહાર દશામાં પણ સારી સહાય કરશે. તેથી હવે તારે અમોને અનુકૂળ રહેવું પડશે. તે છતાં જો તું અમારાથી પ્રતિકૂલ થઇશ તો પછી અમારા ઉપકારી ગુરૂ અમારી સમક્ષ ઉભા છે, તેઓ અમોને યોગવિદ્યાનો ઉપાય બતાવશે કે જેથી અમે તારો મહાન નિગ્રહ કરવા તત્પર થઇશું. પરમાત્મા અમોને એ મહાન્ શકિત આપવા કૃપા કરો. તથાસ્તુ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનોરથોની ઉપયોગીતા અને બળ.

મનુષ્યો અનેક મનોરથો ભલે ઘડ્યા કરે, પરંતુ જ્યાં સુધી વિચારોને મનોરથો સાથે ભેળવી દેવામાં ન આવે ત્યાં સુધી તે જય પ્રાપ્ત કરી શકશે નહિં. જે મનુષ્યો મનોરથ વિના વિચારને જીવનમાં મૂકે છે, તે નાવિક વિના વહાણની પેઠે ગોથાં ખાય છે અને લય પામી જાય છે. જેથી જે મનુષ્ય પોતાના જીવનમાં કાંઇ કાર્ય-સેવા આત્મકલ્યાણ કરવા ઇચ્છતા હોય અને તેમ કરી જીંદગી સફળ કરવા માંગતા હોય તેમણે પોતાના વિચારો મનોરથોની સાથે જોડી દેવા જોઇએ.

જે મનુષ્યોના જીવનનો ઉદ્દેશ હોતો નથી, તેઓ ભય, ચિન્તા, દુખો વિગેરેના ભોગ થાય છે. દરેક મનુષ્યોએ પોતાના મનમાં આત્મકલ્યાણના આદર્શ, જીવનના મનોરથો ઘડી રાખવા જોઇએ અને તેને સફળ કરવા સતત્ પ્રમાણિક ઉદ્યોગ કરવો જોઇએ મનુષ્યે દૃઢ ચિત્તથી પોતાની વિચાર શક્તિઓને પોતાના મનોરથના લક્ષ્ય પર લઇ જવી જોઇએ અને તેને ધ્યેય સમજી તેની સફળતા અર્થે પોતાનું જીવન અર્પણ કરવામાં જરાપણ શંકાસ્પદ ન થવું જોઇએ. પોતાના વિચારો ને અયોગ્ય વિકલ્પો, ઇચ્છાઓ તથા વિષયો તરફ જતાં રોકવા જોઇએ.

જેમને પોતાના મનોરથો સફળ થવાની આશા બીલકુલ લાગતી ન હોય તેમણે પોતાના વિચારોને કર્તવ્યની પૂર્ણાહુતી કરવા તરફ લગાડવા જોઇએ.

સૌથી વિશેષ ભીરૂ મનુષ્ય પણ શક્તિ, સતત્ ઉદ્યોગ અને અભ્યાસથી પ્રાપ્ત કરી શકે છે. સાધારણ મનુષ્ય પણ અભ્યાસ વડે મનોરથને સોંપેલા વિચારો વડે સામાન્ય મનુષ્ય મટી દૈવી મનુષ્ય બની જાય છે. એટલાજ માટે મહા પુરૂષો કહે છે કે—ખરાબ વિચારોવાળો મનુષ્ય સદ્ વિચાર કરવાના સતત્ અભ્યાસથી સદ્ વર્ત્તનશાળી બની શકે છે.

મનુષ્યે પોતાના મનોરથોના ધ્યેયને ધ્યાનમાં રાખી પોતાના ઇષ્ટ સ્થાન પર પહોંચવાનો સરળ માર્ગ શોધી કાઢી લક્ષ્યના સુંદર માર્ગમાં વિચરતી વખતે આમતેમ જોયા વિના વિહાર કરવો જોઇએ.

સુંદર મનોરથમાં વિહરનારે સંદેહ, શંકા, ભય અને શૂન્યતાને દૂર ફેંકી દેવા જોઇએ, કારણ કે તે તેના માર્ગમાં કાંટારૂપ છે, અને જ્યાં તેને અવકાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી ત્યાં મનોરથ, દઢતા, કાર્યશક્તિ તૈયાર હોય છે. જે મનુષ્યે ભય, સંદેહ, વગેરે ઉપર જય મેળવ્યો તેણે નિષ્ફળતાને નિશ્ચયથી જીતી લીધેલ હોય છે. દરેક કઠિનતાની સામે સાહસ કરે છે અને બુદ્ધિપૂર્વક તે તેના પર વિજય મેળવે છે. નિડર થઇને વિચાર કરી મનોરથોને તદાત્મક સ્વરૂપે કરી દેવામાં આવે તો મનુષ્ય પોતાની શક્તિ ઉપર શાસન કરનાર નરરત્ન કહેવાય છે. આવા વીર પુરૂષો પોતાની શક્તિથી, મનોરથના બળથી, અપરિમિત ઉદ્યોગથી પ્રચ્છિત ધારેલાં કાર્યો કરી શકે છે. આવાં ઘણાં દષ્ટાંતો જૈન અને જૈનેતર શાસ્ત્રોમાં મોજુદ છે.

**શ્રાવકના મુખ્ય સાત ગુણ**—૧ વિનય, ૨ જિનવર દેવની ભકિત, ૩ સુપાત્રદાન, ૪ સજ્જનો પર રાગ–પ્રેમ, ૫ સુદાક્ષિણ્યતા, ૬ નિસ્પૃહતા અને ૭ પરોપકાર એ મુખ્ય સાત સદ્દગુણો અવશ્ય આદરવા યોગ્ય છે.

**દુર્લભ પદાર્થો**—મનુષ્યભવ, આર્ય દેશ, ઉત્તમ કુળ–જાતિ, સુરૂપ શરીર સૌંદર્ય, ઇન્દ્રિય પટુતાદિ, આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, નિર્મળ બુદ્ધિ, સતૃશાસ્ત્ર શ્રવણ, હિત ગ્રહણ, તત્ત્વશ્રદ્ધા અને સંયમપ્રત્યે પ્રેમ (સંયમ પ્રત્યે દઢ રૂચિ) એટલા વાનાં પામવા જીવને દુર્લભ છે.

**સર્વ જીવનો સામાન્ય સ્વભાવ**—સર્વે જીવો દુઃખભીરૂ છે, સુખના અભિલાષી છે. સહુને જીવિત પ્રિય છે અને સહુ મરણથી બ્હીતા રહે છે. એમાં કોઇ વિરલ અપવાદ મળે છે.

**આપણું હિત કર્તવ્ય**—નમ્રતા ( સભ્યતા–વિનય–બહુમાન ) પૂર્વક સુ-ગુરૂ સમીપે શાન્ત ચિત્તે ધર્મ રહસ્ય સારીરીતે સમજવું, સમજવા પ્રયત્ન સેવવો અને એના સાર–નિચોળરૂપે કોઇ જીવને દુઃખ–પીડા–ઉત્પાત–પરિતાપ ઉપજે એવું કશું પ્રતિકૂળ આચરણ ઇરાદા પૂર્વક ન જ કરવું–કરવાથી શીઘ્ર વિરમવું.

**વાચિક તપ**—જેમ દેહને અને મનને કબજે રાખીને તેનો યથાસ્થાને વિવેકસર ઉપયોગ કરવાથી **કાયિક** અને **માનસિક** તપનો લાભ મળી શકે છે તેમ **વાણીનો** પણ યોગ્ય નિગ્રહ કરી–તેને કબજે રાખી સાચા માર્ગે વાપરવાથી કલ્યાણાર્થી જનોને **વાચિક** તપનો લાભ થઇ શકે છે, તે માટે પ્રમાણરૂપ નીચેની હકીકત ખપી જનોને ખાસ લક્ષમાં રાખવા જેવી જાણી ટાંકી લીધી છે:—કોઇને ખેદ–ઉદ્વેગ–સંતાપ ન ઉપજે એવું અસત્ય, હિત, મિત અને પ્રિય વચન જ પ્રસંગ પામીને વિચારી ઉચ્ચરવું. તેમજ વાચના, પૃચ્છના, પરિવર્તનાદિક પંચવિધ સ્વાધ્યાય–ધ્યાનમાં સદાય સાવધાન રહેવું તેને **વાચિક તપ** કહ્યો છે. સુજ્ઞ ભાઇ બ્હેનો ધારે તો ઉક્ત તપનો લાભ અનાયાસે વિવેકવડે મેળવી શકે. અભ્યાસબળે એવો લાભ સુખે લઇ શકાય છે. તેમજ તેવા શુભ લક્ષપૂર્વક જે હિત મિત પ્રિય સત્ય વચન પ્રસંગોપાત ઉચ્ચારાય તેનો પ્રભાવ પણ અન્ય ઉપર અનેરો પડે. એવાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રિય પથ્ય અને સત્ય વચન સાંભળવા અન્યને પરાણે પ્રીતિ ઉપજે અને તેથી લાભ પણ પ્રમાણમાં અધિક થવા પામે; એ વાત અનુભવમાં આવી શકે તેમ છે. એથી ઉલટું ઉદ્વેગ ઉપજાવનારૂં અપ્રિય અહિતકર એવું અસત્ય વચન ક્રોધાદિક વિકારને વશ થઇ વદવાથી ભારે અનર્થ થવા પામે છે. માટે જ કાર્ય પ્રસંગે કલ્યાણઅર્થી જનોને ભાષા-સમિતિ સાચવવાની જરૂર છે. ઇતિશમ્

# હિતરૂપ સૂક્ત વચનો.

૧ કબુલ કરેલા વચનનો ભંગ, ગઇ વસ્તુનો:શોક, અને અન્યની નિદ્રાનો ભંગ એ ત્રણ વાનાં સમજુ માણસે ન કરવાં.

૨ આપણે કોઇને વચન આપ્યું જ હોય-તેવો વિશ્વાસ આપ્યોજ હોય તો ગમે તે ભોગે તેનું પાલન કરવું જોઇએ.

૩ અજ્ઞાની જીવો એક બીજા સાથે કલેશ-કુસંપ કરી પ્રાયે પાયમાલ થઇ જાય છે. જ્યારે પરિણામદર્શી સુજ્ઞ જનો સંપણા સદ્દભાવથી વર્તતાં આબાદ થવા પામે છે.

૪ 'હું જ ખરો' મારૂં ધાર્યુંજ થવું જોઇએ. એવો દુરાગ્રહ ધારી રાખવાથી કલેશ-કુસંપનાં મૂળ રોપાય છે.

૫ આપણો કોઇ મિત્ર, સ્વજન કે સાધર્મી અણધારી આફતમાં આવી પડયો હોય તો તેને તન-મન-ધનનો ભોગ આપી સમયોચિત સહાય કરી, સારી સ્થિતિમાં લાવી મુકવો એ સુસભ્ય તરીકે ઉત્તમ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે.

૬ આદર સહિત દાન, મિષ્ઠ-મધુર વચન, સુસરલ હૃદય, ત્યાગ અને સંયમ પ્રમુખ સદ્દગુણોવડે ત્રણે જગત વશ થાય અથવા લોકપ્રિય થવાય છે.

૭ વય હાનિરૂપ જરા અવસ્થા જ્યાં સુધી શરીરને ખોખરૂં કરી ન નાંખે, વિવિધ વ્યાધિઓ જ્યાં સુધી વધી પડી મૂળ ન ઘાલે અને જ્યાં સુધી ઇન્દ્રિયોની વિજ્ઞાન શક્તિ ક્ષીણ થવા ન પામે—આબાદ રહી હોય ત્યાં સુધીમાં આત્માર્થી જનોએ સાવધાનપણે ધર્મસાધન કરી લેવું જોઇએ. જો અવસર પામી ચેતી ન શકાય તો પછી દવ બળે ત્યારે કુવો ખોદવો શા કામનો ? પાછળથી પસ્તાવો કરવો ન પડે એમ ચેતીને ચાલવું જોઇએ.

**શ્રાવકને વસવા લાયક સ્થાન**—જે ગામ કે નગરમાં જિન મંદિર હોય, જ્યાં શાસ્ત્ર-અર્થના જાણકાર એવા સાધુ સંત તથા શ્રાવકોનો યોગ મળતો હોય, અને જ્યાં ગૃહવ્યવહાર ઉચિત યોગ્ય સાધનો સુગમ હોય તેવા સ્થળમાં શ્રાવકે સદા નિવાસ કરી રહેવું યોગ્ય લેખાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધર્મપ્રાપ્તિ યોગ્ય ઉત્તમ ૨૧ ગુણો. ( ખાસ આદરવા યોગ્ય. )

૧ ગંભીરતા ( ઉદાર–વિશાળ હૃદય, દરીયાવ પેટ ), ૨ સુંદર નીરોગી શરીર. ૩ શાન્ત—શીતળ પ્રકૃતિ. ૪ લોકપ્રિયતા વધે એવું હિતવર્તન. ૫ અન-ઉપતાપી–અક્રૂર સ્વભાવ, ૬ પાપભીરૂતા ( પરભવનો ડર ), ૭ કૂડ–કપટ વગરની સરલ વૃત્તિ, ૮ રૂડી દાક્ષિણ્યતા, ૯ લજ્જા—મર્યાદા પાલન, ૧૦ દયા ( હૃદયની કોમળતા ), ૧૧ મધ્યસ્થતા–નિષ્પક્ષપાત બુદ્ધિ, ૧૨ સદ્ગુણાનુરાગ, ૧૩ સત્યપ્રિયતા, સતચારિત્ર રસિકતા, ૧૪ સત પક્ષ ( ધર્મીકુટુંબી વર્ગનું હોવાપણું ), ૧૫ સુદીર્ઘદ્રષ્ટિ, ૧૬ સુવિશેષ જાણવાપણું, ૧૭ શિષ્ટ—સદાચારી સજ્જનોને અનુસરવાપણું, ૧૮ વિનય–નમ્રતા–સભ્યતા, ૧૯ કૃતજ્ઞતા–ઉપકારીના ગુણને સદા સંભારી રાખી તેનો પ્રત્યુપકાર કરવા ( બદલો વાળવા ) જાગ્રત બુદ્ધિ ( તેવી તક મળે તો તેનો લાભ લેવાની ઉંડી લાગણી ), ૨૦ પરોપકારશીલતા–તન મન ધનથી કોઇનો ઉપકાર નિઃસ્વાર્થભાવે કરવાની અંતરની લાગણી–સ્વાભાવિક ટેવ. ૨૧ કોઈ પણ કળા કે વાતના રહસ્યને સારી રીતે સમજી સહેજે ગ્રહણ કરી લેવા જેવી અમોઘ શકિત–લાયકાત.

**આહારક શરીર**—પ્રમાણમાં એક મુંઢા હાથ જેવડું છતાં પ્રભાવમાં ઘણું ઉચ્ચ પ્રકારનું એ શરીર ફકત લબ્ધિશાળી ચૌદ પુર્વધરો જ શ્રી અરિહંત પ્રભુની સાક્ષાત્ ઋદ્ધિ જોવા માટે અથવા પોતાને શ્રુત વિષયિક થયેલી શંકા પ્રભુને પૂછી નિવારવા માટે કરી શકે છે. તે આખા ભવચક્રમાં ચાર વખત અને એક ભવમાં ફક્ત બે વખતજ કરી શકાય છે.

**ખરી પવિત્રતા**—વિચાર વાણી અને આચરણમાં રહેતી મલીનતા–વિષમતા–વિપરીતતાદિક ખામીઓને દૂર કરી તેમાં સભ્યતા–સરલતા–સત્યતા કહો કે એકતા આવે, રહેણી કરણી શુદ્ધ–અવિસંવાદી બનવા પામે અને આત્મ અભિમુખતા સચવાય તે **ખરી પવિત્રતા**. આવી પવિત્રતા આદરવી આત્માર્થીજનોને બહુ જરૂરી છે. કેમકે ઉકત પવિત્રતા સેવવામાં થતા પ્રયત્નના પ્રમાણમાં આત્મિક બળ વધે છે અને તેમાં જેટલી જેટલી ખામી રહે છે એટલે વિચાર, વાણી ને આચરણ જેટલા જેટલા મલીન રહે છે તેટલી તેટલી મુશ્કેલીઓ આત્મવિકાસના માર્ગમાં નડતી રહે છે. તેથીજ ઉકત પવિત્રતા કેળવવા ને વધારવા ખૂબ પ્રયત્ન આત્માર્થી જનોએ અવશ્ય કરવો જોઇએ. એથી અનુક્રમે સર્વ શ્રેયસ્ સંભવે છે. ઉક્ત પવિત્રતા કેળવવા ને વધારવા માટે જેમ બને તેમ વિચાર, વાણી ને આચારને વિવેકપૂર્વક સુધારવા યોગ્ય પ્રયત્ન જાતેજ સેવવો, તથા શિષ્ટ જનોનો સમાગમ ઉકત લક્ષથી કરવો. એમ કરવાથી અનુક્રમે સાચી પવિત્રતાની પ્રાપ્તિ અને પુષ્ટિ થવા પામશે.

ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી પાર્શ્વનાથ પ્રભુ સ્મરણનો મહિમા.

વળી પરમેષ્ઠિ—નમસ્કારનું સ્મરણ કરતાં કુમારપાલ રાજા કહેતો કે એ નમસ્કારના મહાત્મ્યથી તો મને સાક્ષાત્ ફળ મળ્યું; કારણ કે સમસ્ત સૈન્ય સહિત પોતે દિગ્યાત્રા કરતાં પણ મારૂં કામ ન સર્યું, પરંતુ ઉલટું કંઇક વિપરીત થવા પામ્યું, અને અત્યારે નમસ્કારનું સ્મરણ કરતાં, તેના પ્રભાવથી, અંબડાદિક મારા દંડનાયકો પોતે વણિક છતાં તે શત્રુઓને જીતી લે છે. વળી સ્વચક્ર કે પરચક્ર કયાંઇ અનર્થ ઉપજાવતું નથી તથા દેશમાં કયાંઇ દુષ્કાળનું નામ પણ સાંભળવામાં આવતું નથી. " આથી રાજા, તે નમસ્કાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં નિદ્રાવશ થતો અને પ્રભાત પહેલાં માગધજનો ( બંદીજનો )એ કહેલ જિનસ્તવનથી તે જાગૃત થતો, તે આ પ્રમાણે છે.

" જે પુરૂષ, ત્રણ લોકમાં પ્રગટ મહિમાના નિધાન એવા પાર્શ્વનાથ ભગવંતને પૂજે છે, તેમનું શરીર શૂળ, જલોદર, શ્વાસ, ખાંસી, ક્ષય, કસર, કોઢથી ગાત્ર ગળતા હોય, કંઠમાળ, પડલયુકત નેત્ર, મુખથી લોહી નીકળતું હોય, અર્શ, અરોચક, દાહજવર કે મોટા રોગ—એ વિગેરે વ્યાધિઓની બાધાથી રહિત થાય છે અને વધારે તેજસ્વી બને છે.

વળી ઇંદ્રો જેમના ચરણ–કમળમાં આવીને નમે છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ, જે પુરૂષના ચિત્તમાં વસે છે, તે પુરૂષને જંગમ પર્વત સમાન મોટા કુંભસ્થલથી ભયંકર, જેના મદ–જળના પરિમલ પર ભ્રમરો ભેગા થઇને ગુંજારવ કરતા હોય, જે પોતાના ઉદ્દંડ દાંતવતી અનેક વૃક્ષોને ભાંગતો હોય, જે પોતાની ઉપાડેલ, યમદંડ સમાન સુંઢથી ભયંકર ભાસતો હોય અને કોપથી ભારે વિકરાળ થયો હોય એવો મદોન્મત્ત હાથી પણ કંઇ કરી શકતો નથી. તથા સમસ્ત દુઃખોને ધ્વસ્ત કરનાર એવા પાર્શ્વનાથ ભગવંતને જે પુરૂષો જપે છે, તેઓ આકાશ પર્યંત ઉછળતા ચપળ કલ્લોલયુકત, ક્રૂર અને જબરજસ્ત નક્રચક્રના સંચારથી ભયંકર, મોટા પુચ્છને પછાડતા મત્સ્યોથી વ્યાપ્ત, પ્રસરતી વડવાનલની જવાલાઓથી દુસ્તર તથા સેંકડો આવર્તોથી વ્યાપ્ત એવા મહા સાગરને ગોષ્પદની જેમ સ્હેલાઇથી ઓળંગી પાર ઉતરે છે.

વળી દુઃખને દળનાર હે પાર્શ્વનાથ ! તમારા નામરૂપ મંત્રનું જે સ્મરણ કરે છે, તેમને શિવકંઠ, પાડાના શ્રૃંગ, તમાલ, ભ્રમર અને કાજળ સમાન શ્યામ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુપિત કૃતાંતની ચપેટા સમાન વિકટ ફણા અને કુંફાડાથી ભય ઉપજાવનાર, ચપળ બંને જીભને બતાવનાર, જંતુઓને પકડીને કવલિત કરનાર, જાણે સાક્ષાત્ પાપનો પુંજ હોય, ગુંજા ( ચણોઠી ) સમાન રકત લોચનયુકત તથા પ્રસરતા રોષયુકત એવો ભુજંગ પણ ભય ઉપજાવી શકતો નથી.

જે પુરૂષ ઉત્કટ ઉપદ્રવોને પરાસ્ત કરનાર એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુને મનમાં ધારણ કરે છે, તેનાથી વીજળી સમાન કપિલ કેશરના સમૂહથી વ્યાપ્ત સ્કંધયુકત હસ્તી અને મૃગને મારતાં રૌદ્ર શબ્દોથી ગિરિ ગુહાને પૂરનાર, નિબિડ (તીક્ષણ) પંજાથી મતંગજના કુંભસ્થલને વિદારનાર, કુટિલ દાઢાથી દુ:પ્રેક્ષણીય, પુચ્છથી મહીતલને આઘાત કરનાર તથા અગ્નિના કણીયા સમાન રકત લોચનયુકત એવો કેશરી તરત દૂર ભાગી જાય છે.

વળી દુ:ખના પુંજરૂપ કુંજને ભાંગવામાં પવનસમાન એવા પાર્શ્વનાથ ભગવંતની જે પુરૂષ સ્તુતિ કરે છે, તેને ઉછળતી જ્વાળાઓથી આકાશને કવલિત કરનાર, પ્રસરતા સ્ફુલિંગ—સમૂહથી તારાગણને દ્વિગુણિત બનાવનાર, વિસ્તાર પામતા ધૂમના અંધકારથી દિશાઓને રોકનાર અને બળતા અનેક પ્રાણીઓના વિરસ અવાજથી વ્યાપ્ત એવો પ્રજ્વલંત જ્વલન પણ સંતાપ ઉપજાવી શકતો નથી. તથા નિર્મળ ચરિત્રયુકત શ્રી પાર્શ્વનાથ ભગવંતને જે મનુષ્યો પોતાના હૃદયમાં ધારણ કરે છે, તે લોકો બખ્તર તથા ધ્વજ–પટયુકત અને મદ ઝરતા હસ્તિઓના ગર્જારવથી વ્યાપ્ત, હાથમાં શસ્ત્ર—સમૂહને ધારણ કરતાં ઉદ્‌ભટ સુભટોયુકત, અશ્વોના ખુરથી ઉછળતી રજથી ગગનાંગણને સંકીર્ણ કરનાર અને નૃત્ય કરતા ધડ તથા મસ્તકોથી મંડિત મહીતલયુકત એવા સમરાંગણથી નિસ્તાર પામીને અવશ્ય જયલક્ષ્મીને મેળવે છે.

તેમજ જે પુરૂષ કલિમલને હરનાર એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુના શરણે જાય છે, તે હરિણોના હર્ષને હરનાર, શાર્દૂલોના શબ્દથી ભય ઉપજાવનાર, તસ્કરોના હાથે લુંટાતા મનુષ્યોના કોલાહલથી વ્યાપ્ત, ભીમ ભીલોને લીધે દુર્લંઘનીય, લીલાથી સંચરતા ગજગણયુકત અને ભમતા ભૂત, શિકારી, યક્ષ તથા સેંકડો રાક્ષસોથી ભરપૂર એવી મહા અટવીને નિર્વિઘ્ને ઓળંગીને પોતાના સ્થાને પહોંચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૮૭ થી શરૂ )

## ભગવતીજી સૂત્ર શતક ૯, ઉદ્દેશો ૩૩, સૂત્ર ૩૮૩ થી ૩૯૦

## ભગવાન્ મહાવીર અને શિષ્ય જમાલી

હવે તે **બ્રાહ્મણ** કુંડગ્રામ નગરની પશ્ચિમ દિશાએ એ સ્થળે **ક્ષત્રિયકુંડ**-ગ્રામ નામે નગર હતું. વર્ણન—એ ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરમાં **જમાલી** નામનો ક્ષત્રિયકુમાર રહેતો હતો. તે આઢ્ય-ધનિક તેજસ્વી અને યાવત્....જેનો પરાભવ ન થઇ શકે એવો ( સમર્થ ) હતો, તે પોતાના ઉત્તમ પ્રાસાદ ઉપર જેમાં મૃદંગો વાગે છે એવા, અને અનેક પ્રકારની સુન્દર યુવતીઓ વડે ભજવાતા **બત્રીશ** પ્રકારનાં નાટકો વડે (નૃત્યને અનુસારે) હસ્તપાદાદિ અવયવોને નચાવતો ૨ સ્તુતિ કરાતો ૨ અત્યન્ત ખુશ કરાતો ૨ પ્રાવૃષ, વર્ષા, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ પર્યન્ત, એ છએ **ૠતુઓ**માં પોતાના વૈભવ પ્રમાણે સુખનો અનુભવ કરતો ૨ સમયને ગાળતો મનુષ્ય સંબંધી પાંચ પ્રકારનાં ઇષ્ટ, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગન્ધરૂપ કામભોગોને અનુભવતા વિહરે છે.

ત્યારબાદ ક્ષત્રિયકુંડગ્રામ નામના નગરમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક અને ચત્વરમાં યાવત્ ઘણા માણસોનો કોલાહલ થતો હતો. ઇત્યાદિ ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે કહેવું. યાવત્ ઘણા માણસો પરસ્પર એ પ્રમાણે જણાવે છે. યાવત્ એ પ્રમાણે પ્રરૂપે છે કે–હે દેવાનુપ્રિયો, એ પ્રમાણે ખરેખર તીર્થની આદિને કરનારા, યાવત્ સર્વજ્ઞ અને સર્વદર્શી **શ્રવણ ભગવાન્ મહાવીર** આ બ્રાહ્મણ કુંડગ્રામ નગરની બહાર બહુશાલ નામનાં ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી યાવત્....વિહરે છે. તો હે દેવાનુપ્રિયો, તેવા પ્રકારનાં અર્હત્ ભગવંતના નામ-ગોત્રનાં શ્રવણ માત્રથી પક્ષ મોટું ફલ થાય છે. ( તો તેના દર્શન વંદન વિગેરેથી કેટલું ફળ થશે ? ઇત્યાદિ **ઔપપાતિક** સૂત્રને અનુસારે વર્ણન કરવું.

યાવત્....તે જનસમૂહ એક દિશા તરફ જાય છે. ક્ષત્રિયકુંડગ્રામ નામે નગ-રનાં મધ્ય ભાગમાંથી બહાર નીકળે છે. નીકળીને જ્યાં **બ્રાહ્મણકુંડગ્રામ** નામે નગર છે અને જ્યાં **બાહુશાલક** નામે ચૈત્ય છે, ત્યાં આવે છે. એ પ્રમાણે બધું **ઔપપાતિક** સૂત્રને અનુસારે કહેવું. યાવત્....ત્રણ પ્રકારની પર્યુપાસના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર પછી તે ઘણા મનુષ્યનાં શબ્દને યાવત્....જનનાં કોલાહલને સાંભળીને -દેખીને ક્ષત્રિયકુમાર **જમાલી**નાં મનમાં આવા પ્રકારનો આત્મવિચાર યાવત ઉત્પન્ન થયો. શું આજે ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં ઈંદ્રનો ઉત્સવ છે, સ્કન્દનો ઉત્સવ છે, વાસુદેવનો ઉત્સવ છે, નાગનો ઉત્સવ છે, યક્ષનો ઉત્સવ છે, ભુતનો ઉત્સવ છે, કુવાનો ઉત્સવ છે, તળાવનો ઉત્સવ છે, નદીનો ઉત્સવ છે, દ્રહનો ઉત્સવ છે, પર્વતનો ઉત્સવ છે, વૃક્ષનો ઉત્સવ છે, ચૈત્યનો ઉત્સવ છે, યા સ્તુપનો ઉત્સવ છે ? કે જેથી આ બધા ઉગ્રકુલના, ભોગકુલનાં, રાજન્યકુલનાં, ઇક્ષ્વાકુકુલનાં જ્ઞાતકુલનાં અને કુરૂવંશનાં ક્ષત્રિયો, ક્ષત્રિયપુત્રો, ભટો અને ભટપુત્રો ઔપપાતિક સૂત્રો અનુસારે યાવત્...સાર્થવાહ પ્રમુખ સ્નાન કરી, બલિકર્મ (પૂજા) કરી, ઇત્યાદિ ઔપપાતિક સૂત્રમાં વર્ણન કર્યા પ્રમાણે યાવત્....બહાર નિકળે છે ? એમ વિચાર કરે છે. વિચાર કરીને જમાલી કંચુકીને બોલાવે છે, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિય ! શું આજે ક્ષત્રિયકુંડગ્રામ નામના નગરમાં ઈંદ્રનો ઉત્સવ છે. કે યાવત્....આ બધા નગર બહાર નીકળે છે ? જ્યારે તે જમાલી નામનાં ક્ષત્રિયકુમારે તે કંચુકી પુરૂષને એ પ્રમાણે કહ્યું ત્યારે તે હર્ષિત અને સંતુષ્ટ થયો, અને તે શ્રમણ ભગવાન્ મહાવીરનાં આગમનનો નિશ્ચય કરીને હાથ જોડી જમાલી નામે ક્ષત્રિયકુમારને જય અને વિજયવડે વધાવે છે, વધાવીને તેણે આ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિય, આજે ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરમાં ઈંદ્રનો ઉત્સવ છે-ઇત્યાદિ તેથી બધા યાવત્ નીકળે છે, એમ નથી પણ હે દેવાનુપ્રિય, એ પ્રમાણે શ્રમણ ભગવાન્ **મહાવીર** યાવત્....સર્વજ્ઞ, સર્વદર્શી **બ્રાહ્મણ**કુંડગ્રામ નામે નગરની બહાર **બહુશાલ**નામે ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને યાવત્....વિહરે છે.

તેથી એ ઉગ્રકુળનાં, ભોગકુલના ક્ષત્રિયો. ઇત્યાદિ યાવત્...કેટલાક વાંદવા માટે નીકળે છે. ત્યાર પછી તે **જમાલી** ક્ષત્રિયકુમાર કંચુકી પુરૂષ પાસેથી એ વાત સાંભળી—હૃદયમાં અવધારી હર્ષિત અને સંતુષ્ટ થઇ, કૌટુંબિક પુરૂષોને બોલાવે છે.

બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું કે-હે દેવાનુપ્રિયો ? તમે શીઘ્ર ચાર ઘંટાવાળા અશ્વરથને જોડીને હાજર કરો અને હાજર કરીને આ મારી આજ્ઞા પાછી આપો.

ત્યાર બાદ જમાલી ક્ષત્રિયકુમારે એ પ્રમાણે કહ્યું એટલે તે કૌટુંબિક પુરૂષો તે પ્રમાણે અમલ કરી યાવત્...તેની આજ્ઞા પાછી આપે છે.

ત્યાર બાદ તે **જમાલી** ક્ષત્રિયકુમાર જ્યાં સ્નાનગૃહ છે ત્યાં આવે છે. ત્યાં આવીને સ્નાન કરી તેણે **બલિકર્મ** (પૂજા) કર્યું. ઇત્યાદિ યાવત્ જેમ **ઔપપાતિક** સૂત્રમાં પર્ષદાનું વર્ણન કર્યું છે તેમ અહીં જાણવું. યાવત્....ચંદનથી જેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરે વિલેપન કરાયેલું છે, એવો તે જમાલી સર્વ અલંકારોથી વિભૂષિત થઇ સ્નાનગૃહથી બહાર નીકળે છે. બહાર નીકળીને જ્યાં બહાર ઉપસ્થાનશાળા છે અને જ્યાં ચાર ઘંટાવાળો અશ્વરથ ઉભો છે ત્યાં આવે છે. ત્યાં આવીને ચાર–ઘંટાવાળા અશ્વરથ ઉપર ચઢે છે, ચઢીને માથા ઉપર ધારણ કરાતા કોરંટપુષ્પની માળાવાળા છત્રસહિત મહાન્ યોદ્ધાઓનાં સમૂહથી વિંટાયેલો તે ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરનાં મધ્યભાગથી બહાર નીકળે છે. નીકળીને જ્યાં બ્રાહ્મણકુંડગ્રામ નગર આવેલું છે. અને જ્યાં બહુશાલ નામે ચૈત્ય છે ત્યાં આવે છે.

ત્યાં આવીને ઘોડાઓને રોકે છે, અને રથને ઉભો રાખે છે. રથને ઉભો રાખી, રથથી નીચે ઉતરે છે. ઉતરીને પુષ્પ, તાંબુલ, આયુધાદિ તથા ઉપાનહ ( પગરખાં ) નો ત્યાગ કરે છે.

ત્યાગ કરીને એક સળંગ વસ્ત્રનું ઉત્તરાસંગ કરે છે. કરીને કોગળો કરી ચોખ્ખા અને પરમપવિત્ર થઇને અંજલીવડે બે હાથ જોડીને જ્યાં શ્રમણભગવાન મહાવીર છે ત્યાં આવે છે. ત્યાં આવીને શ્રમણભગવાન્ મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત્ ત્રિવિધિ પર્યુપાસનાથી ઉપાસે છે. ત્યાર પછી શ્રમણભગવંત મહાવીર જમાલી નામે ક્ષત્રિયકુમારને અને તે અત્યન્ત મોટી ઋષિ પર્ષદાને યાવત્....ધર્મોપદેશ કરે છે. યાવત્....તે પર્ષદ્ ( ધર્મોપદેશ શ્રવણ કરી ) પાછી ગઇ.

ત્યાર બાદ તે જમાલી નામે ક્ષત્રિયકુમાર શ્રમણભગવાન મહાવીરની પાસેથી ધર્મને સાંભળી, હૃદયમાં અવધારીને હર્ષિત અને સંતુષ્ટ હૃદયવાળો થયો.

અને યાવત્ ઉભો થઇને શ્રમણભગવંત મહાવીરની ત્રણવાર પ્રદક્ષિણા કરી વંદન–નમસ્કાર કરી તેણે આ પ્રમાણે કહ્યું—હે ભગવન્, હું નિર્ગ્રંથના પ્રવચનની શ્રદ્ધા કરૂં છું. હે ભગવન્, હું નિર્ગ્રંથના પ્રવચનપર વિશ્વાસ કરૂં છું. હે ભગવન, હું નિર્ગ્રંથના પ્રવચન ઉપર રૂચિ કરૂં છું અને હે ભગવન્, નિર્ગ્રંથના પ્રવચનાનુસારે વર્ત્તવાને તૈયાર થયો છું. વળી હે ભગવન્, જે તમે ઉપદેશો છો તે નિર્ગ્રન્થ પ્રવચન એમજ છે. હે ભગવન, તેમજ છે. હે ભગવન, સત્ય છે. હે ભગવન્, અસંદિગ્ધ ( નિશ્ચિત ) છે.

પરન્તુ હે દેવાનુપ્રિય ! મારા માતા પિતાની રજા માગીને હું આપ દેવાનુપ્રિયની પાસે મુંડ–દીક્ષિત થઇ ગૃહવાસનો ત્યાગ કરી અનગારીકપણાનો સ્વીકાર ઇચ્છું છું. હે દેવાનુપ્રિય, જેમ સુખ ઉપજે તેમ કરો. પ્રતિબંધ ન કરો.

જ્યારે શ્રમણ ભગવાન મહાવીરે જમાલીને એ પ્રમાણે કહ્યું ત્યારે તે પ્રસન્ન અને સંતુષ્ટ થઇ શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત્....નમસ્કાર કરી ચાર ઘંટાવાળા અશ્વરથ ઉપર ચઢે છે. ચઢીને શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી અને બહુશાલ ચૈત્યથી નીકળે છે. નીકળીને માથે ધરાતા યાવત્ કોરંટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પની માળાવાળા છત્ર સહિત, મોટા સુભટોનાં સમૂહથી વીંટાયલો તે જમાલી જ્યાં ક્ષત્રિયકુંડગ્રામ નામે નગર છે ત્યાં આવે છે, આવીને ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરની મધ્યભાગમાં થઇને જે સ્થળે પોતાનું ઘર છે અને જ્યાં બહારની ઉપસ્થાન શાળા છે ત્યાં આવે છે. ત્યાં આવીને ઘોડાઓને રોકીને રથને ઉભો રાખે છે. ઉભો રાખીને રથ નીચે ઉતરે છે.

ઉતરીને જ્યાં અંદરની ઉપસ્થાન શાળા છે, જ્યાં માતપિતા બેઠા છે ત્યાં આવે છે. આવીને માતપિતાને જય અને વિજયથી વધાવે છે. વધાવીને તે જમાલીએ આ પ્રમાણે કહ્યું કે:—

હે માતાપિતા, એ પ્રમાણે મેં શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મ સાંભળ્યો છે. તે ધર્મ મને ઇષ્ટ છે. અત્યન્ત ઇષ્ટ છે. અને તેમાં મારી અભિરૂચિ થઇ છે. ત્યારપછી તે જમાલી કુમારને તેના માતાપિતાએ આ પ્રમાણે કહ્યું:—

હે પુત્ર, તું ધન્ય છે. હે પુત્ર, તું કૃતાર્થ છે, હે પુત્ર, તું કૃતપુણ્ય છે, અને હે પુત્ર, તું કૃતલક્ષણ છે કે જે તેં શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મને સાંભળ્યો છે. તથા તે ધર્મ તને પ્રિય છે, અત્યન્ત પ્રિય છે, અને તેમાં અભિરૂચિ થઇ છે.

પછી તે જમાલી ક્ષત્રિયકુમારે બીજીવાર પણ પોતાનાં માતાપિતાને આ પ્રમાણે કહ્યું કે—હે માતાપિતા, એ પ્રમાણે મેં શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મ સાંભળ્યો છે. યાવત્ તેમાં મારી અભિરૂચિ થઇ છે. તેથી હે માતાપિતા, હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું. જન્મ, જરા, અને મરણથી ભય પામ્યો છું. તેથી હે માતાપિતા, તમારી **આજ્ઞાથી** હું શ્રમણ ભગવંત મહાવીરની પાસે દીક્ષા લેઇને ગૃહવાસનો ત્યાગ કરી, અનગારીકપણાને ગ્રહણ કરવા ઇચ્છું છું.

ત્યારબાદ જમાલી ક્ષત્રિયકુમારની માતા, અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞા—મનને ન ગમે તેવી અને પૂર્વે નહીં સાંભળેલી એવી વાણીને સાંભળી અને અવધારીને રોમકૂપથી ઝરતા પરસેવાથી ભીના શરીરવાળી થઇ શોકનાં ભારથી તેના અંગોઅંગ કાંપવા લાગ્યા, તે નિસ્તેજ થઇ. તેનું મુખ દીન અને શોકાતુર થયું. કરતલવડે ચોળાયેલી કમળમાળાની પેઠે તેનું શરીર તત્કાળ ગ્લાન અને દુર્બલ થયું.

તે લાવણ્ય શૂન્ય, પ્રભારહિત અને શોભાવિનાની થઇ ગઇ. તેનાં આભૂષણો ઢીલાં થઇ ગયાં અને તેથી તેનાં નિર્મલ વલયો પડી ગયાં—ભાંગીને ચૂર્ણ થઇ ગયાં તેનું ઉત્તરીય વસ્ત્ર શરીર ઉપરથી સરી ગયું, અને મૂર્છાવડે તેનું ચૈતન્ય નષ્ટ થયું હોવાથી તે ભારે શરીરવાળી થઇ. તેનો સુકુમાર કેશપાસ વિખરાઇ ગયો. કુહાડીનાં ઘાથી છેદાયેલી ચંપકલતાની પેઠે તથા ઉત્સવ પુરો થતાં ઈંદ્ર ધ્વજદંડની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ તેનાં સંધી બન્ધનો ઢીલાં થઇ ગયાં. અને તે ફરસબંધી ઉપર સર્વ અંગોવડે ધસ દઈને નીચે પડી ગઇ. ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારની માતાના શરીરને ( દાસીવડે ) વ્યાકુલચિત્તે ત્વરાથી ઢળાતા સ્વર્ણકલશના મુખથી નીકળેલી શીતલ અને નિર્મલ જલધારાના સીંચનવડે સ્વસ્થ કર્યું અને તે ઉત્ક્ષેપક (વાંસના બનેલા) તાલવૃન્ત ( તાડનાં પાંદડાનાં બનેલા ) પંખા અને વીંજણાના જલબિન્દુ સહિત પવનવડે અંતઃપુરનાં માણસોથી આશ્વાસનને પ્રાપ્ત થઇ. રોતી, આક્રંદન કરતી, શોક કરતી અને વિલાપ કરતી, તે જમાલી ક્ષત્રિય કુમારની માતા, આ પ્રમાણે કહેવા લાગી—હે જાત, તું અમારે ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનગમતો, આધારભૂત, વિશ્વાસપાત્ર, સંમત, બહુમત, અનુમત, આભરણની પેટી જેવો, રત્નસ્વરૂપ, રત્નોના જેવો, જીવિતનાં ઉત્સવ સમાન અને હૃદયને આનંદજનક એક જ પુત્ર છો. વળી ઉંબરાનાં પુષ્પની પેઠે તારા નામનું શ્રવણ પણ દુર્લભ છે, તો તારૂં દર્શન દુર્લભ હોય એમાં શું કહેવું ? માટે હે પુત્ર, ખરેખર અમે તારો એક ક્ષણ પણ વિયોગ ઇચ્છતાં નથી તેથી હે પુત્ર, જ્યાં સુધી **અમે જીવીએ છીએ ત્યાંસુધી તું રહે.** અમે કાલગત થયા પછી વૃદ્ધાવસ્થામાં કુલવંશ તન્તુની **વૃદ્ધિ** કરીને નિરપેક્ષ એવો તું શ્રમણ ભગવંત મહાવીરની પાસે દીક્ષા ગ્રહણ કરી ગૃહવાસનો ત્યાગ કરી અનગારપણાને સ્વીકારજે.

ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારે પોતાનાં માતાપિતાને આ પ્રમાણે કહ્યું કે—' હે માતાપિતા, હમણાં મને જે તમે એ પ્રમાણે કહ્યું કે-હે પુત્ર તું અમારે ઇષ્ટ તથા કાંત એક પુત્ર છો. ઇત્યાદિ યાવત્....અમારા કાલગત થયા પછી તું પ્રવ્રજ્યા લેજે. " પણ હે માતાપિતા, એ પ્રમાણે ખરેખર આ મનુષ્યભવ અનેક જન્મ, જરા, મરણ, અને રોગરૂપ શરીર અને માનસિક દુઃખોની અત્યન્ત વેદનાથી અને સેંકડો વ્યસનોથી પીડિત, અધ્રુવ, અનિત્ય, અને અશાશ્વત છે, તેમ સંધ્યાના રંગ જેવો, પાણીના પરપોટા જેવો, ડાભની અણી ઉપર રહેલા જલબિન્દુ જેવો, સ્વપ્નદર્શનના સમાન, વિજળીની પેઠે ચંચળ અને અનિત્ય છે. સડવું, પડવું અને નાશ પામવો એ તેનો ધર્મ છે. પહેલાં કે પછી તેનો અવશ્ય ત્યાગ કરવાનો છે. તો હે માતાપિતા, તે કોણ જાણે છે કે **કોણ પૂર્વે જશે** અને કોણ પછી જશે ? માટે હે માતાપિતા, હું તમારી અનુમતિથી શ્રમણ ભગવંત મહાવીરની પાસે યાવત્....પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને ઇચ્છું છું.

ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારને તેના માતાપિતાએ આ પ્રમાણે કહ્યું કે—હે પુત્ર, આ તારૂં શરીર, ઉત્તમ રૂપ, લક્ષણ, વ્યંજન ( મસ, તલ વગેરે ) અને ગુણોથી યુકત છે. ઉત્તમ બલ, વીર્ય અને સત્વસહિત છે. વિજ્ઞાનમાં વિચક્ષણ છે, **સૌભાગ્યગુણથી** ઉન્નત છે, કુલીન છે. અત્યન્ત સમર્થ છે. અનેક પ્રકારનાં વ્યાધિ અને રોગથી રહિત છે. નિરૂપહત, ઉદાત્ત અને મનોહર છે. પટુ ( ચતુર ) એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ ઇંદ્રિયોથી યુકત અને ઉગતી યુવાવસ્થાને પ્રાપ્ત થયેલું છે. તેમજ એ સિવાય બીજા અનેક ઉત્તમ ગુણોથી ભરપૂર છે. માટે હે પુત્ર, જ્યાંસુધી તારા પોતાના શરીરમાં રૂપ, સૌભાગ્ય તથા યૌવનાદિ ગુણો છે ત્યાંસુધી તેનો **તું અનુભવ કર.** અને અનુભવ કરી અમો કાલગત થયા પછી વૃદ્ધાવસ્થામાં કુલવંશ રૂપતંતુની વૃદ્ધિ કરીને નિરપેક્ષ એવો તું શ્રમણ ભગવાન્ મહાવીર પાસે દીક્ષા લઇને ગૃહવાસનો ત્યાગ કરી અનગારીકપણાને સ્વીકારજે.

ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારે પોતાના માતાપિતાને એ પ્રમાણે કહ્યું કે—' હે માતાપિતા, તે બરાબર છે, પણ જે તમે મને એ પ્રમાણે કહ્યું કે—" હે પુત્ર, આ તારૂં શરીર [ ઉત્તમ રૂપ, લક્ષણ,-વ્યંજન અને ગુણોથી યુકત છે ] ઇત્યાદિ યાવત્ [ અમારા કાલગત થયા પછી ] તું દિક્ષા લેજે. " પણ એ રીતે તો હે માતાપિતા ! ખરેખર આ મનુષ્યનું શરીર **દુઃખનું ઘર** છે. અનેક પ્રકારનાં સેંકડો વ્યાધિઓનું સ્થાન છે. અસ્થિરૂપ લાકડાનું બનેલું છે. નાડીઓ અને સ્નાયુના સમૂહથી અત્યન્ત વિંટાએલ છે, માટીનાં વાસણની પેઠે દુર્બલ છે. અશુચિથી ભરપુર છે. જેનું શુશ્રુષા કાર્ય હમેશાં ચાલુ છે. જીર્ણ મૃતક અને જીર્ણ ઘરની પેઠે સડવું, પડવું અને નાશ પામવો એ તેના સહજ ધર્મો છે. વળી એ શરીર પહેલાં કે પછી **અવશ્ય છોડવાનું** છે. તો હે માતાપિતા, તે કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે ઇત્યાદિ.

ત્યાર પછી તેના **માતા**પિતાએ તે જમાલી ક્ષત્રિય કુમારને આ પ્રમાણે કહ્યું કે—હે પુત્ર ! આ તારે **આઠ સ્ત્રીઓ** છે. તે વિશાળ કુળમાં ઉત્પન્ન થયેલી અને બાળાઓ છે. તે સમાન ત્વચા વાળી, સમાન ઉમર વાળી, સમાન લાવણ્ય, રૂપ અને યૌવનગુણથી યુકત છે, વળી તે સમાન કુળથી આણેલી, કળામાં કુશળ, સર્વ કાલ લાલીત અને સુખને યોગ્ય છે.

તે માર્દવગુણથી યુકત, નિપુણ, વિનયોપચારમાં પંડિત અને વિચક્ષણ છે. સુન્દર, મિત, અને મધુર બોલવામાં તેમજ હાસ્ય વિપ્રેક્ષિત ( કટાક્ષદૃષ્ટિ ) ગતિ વિલાસ અને સ્થિતિમાં વિશારદ છે. ઉત્તમ કુલ અને શીલથી સુશોભિત છે. વિશુદ્ધ કુલરૂપ વંશતંતુની વૃદ્ધિ કરવામાં સમર્થ યૌવનવાળી છે. મનને અનુકૂળ અને હૃદયને ઇષ્ટ છે. વળી ગુણોવડે પ્રિય અને ઉત્તમ છે. તેમજ હમેશાં ભાવમાં અનુરકત અને સર્વ અંગમાં સુન્દર છે. માટે હે પુત્ર ! તું એ સ્ત્રીઓ સાથે મનુષ્ય સંબંધી વિશાલ કામભોગોને ભોગવ અને ત્યાર પછી **ભુકતભોગી થઇ** વિષયની ઉત્સુકતા દૂર થાય ત્યારે અમારા કાલગત થયા પછી યાવત....તું દીક્ષા લેજે.

ત્યારપછી તે **જમાલી** નામે ક્ષત્રિયકુમારે પોતાનાં માતાપિતાને આ પ્રમાણે કહ્યું કે—હે માતાપિતા ! હમણાં તમે મને જે કહ્યું કે—" હે પુત્ર ! તારે વિશાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુલમાં [ ઉત્પન્ન થયેલી આ આઠ સ્ત્રીઓ છે-ઇત્યાદિ યાવત્.... તું દીક્ષા લેજે ” તે ઠીક છે, પણ હે માતાપિતા ! એ પ્રમાણે મનુષ્ય સંબંધી કામભોગો ખરેખર અશુચિ અને **અશાશ્વત** છે.

વાત, પિત્ત, શ્લેષ્મ, વીર્ય અને લોહીને ઝરવાવાળાં છે, વિષ્ઠા, મૂત્ર, શ્લેષ્મ, નાસિકાનો મેલ, વમન, પિત્ત, પરૂ, શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલાં છે; વળી તે અમનોજ્ઞ, ખરાબ મૂત્ર, અને દુર્ગન્ધી વિષ્ટાથી ભરપુર છે. મૃતકનાં જેવી ગંધવાળા ઉચ્છ્વાસથી અને અશુભ નિશ્વાસથી ઉદ્વેગને ઉત્પન્ન કરે છે. બિભત્સ, અલ્પ કાળ સ્થાયી હલકા અને કલમલ ( શરીરમાં રહેલ એક પ્રકારનાં અશુભ દ્રવ્ય ) નાં સ્થાનરૂપ હોવાથી દુઃખરૂપ અને સર્વ મનુષ્યોને સાધારણ છે. શારીરિક અને માનસિક અત્યન્ત દુઃખોવડે સાધ્ય છે. અજ્ઞાન મનુષ્યથી સેવાયેલાં છે; સાધુ પુરૂષોથી હમેશાં નિન્દનીય છે. અનંત સંસારની વૃદ્ધિ કરનારા છે, **પરિણામે કટુક ફળવાળા** છે, બળતા ઘાસના પુળાની પેઠે ન મૂકી શકાય તેવા દુઃખાનુબંધી અને મોક્ષમાર્ગમાં **વિઘ્નરૂપ** છે. વળી હે માતાપિતા, તે કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે ? માટે હે માતા–પિતા હું યાવદ્...દીક્ષા લેવાને ઇચ્છું છું.

ત્યાર પછી તે જમાલી નામે ક્ષત્રિયકુમારને તેના માતાપિતાએ આ પ્રમાણે કહ્યું કે— હે પુત્ર, આ અર્યા–( પિતામહ ), પર્યા–( પ્રપિતામહ ) અને પિતાના પર્યા ( પ્રપિતામહ ) થકી આવેલું ઘણું હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, વસ્ત્ર, વિપુલ ધન, કનક યાવત્ સારભૂત **દ્રવ્ય** વિદ્યમાન છે, અને તે તારે સાત પેઢી સુધી પુષ્કળ **દાન દેવાને** પુષ્કળ ભોગવવાને અને વહેંચવા માટે પૂરતું છે. માટે હે પુત્ર, મનુષ્ય સંબંધી વિપુલ ઋદ્ધિ અને સન્માનને ભોગવ અને ત્યાર પછી સુખનો અનુભવ કરી અને કુલવંશને વધારી યાવત્ તું દીક્ષા લેજે. ( ચાલુ )

## શ્રી સંઘ માહાત્મ્ય સ્તુતિ.

આપણામાં શ્રીસંઘનું માહાત્મ્ય ઘણુંજ છે. તેના મુકતકંઠે ઘણાં સ્તવનો સ્તુતિઓ રચાઇ છે, સ્વયંશ્રી તીર્થંકર દેવપણ “ **नमोतित्थस्स** ” કહી શ્રીસંઘને નમે છે. જે શ્રીસંઘનું આટલું બધું માહાત્મ્ય હોય તેનામાં અનેક ગુણો હોયજ એમાં શું નવાઈ જેવું હોય ?

શ્રીનંદીસૂત્રમાં શ્રીસંઘની સ્તુતિ–માહાત્મ્ય વર્ણવ્યું છે એ બહુજ ઉપયોગી અને મહત્વનું છે.–આજકાલ બધાને હું સંઘ છું, અમે સંઘ છીએ એવું બોલવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં પોતાનું ગૌરવ લાગે છે, પણ તેઓશ્રી સંઘના ગુણો, તેનું માહાત્મ્ય વાંચી વિચારશે તો બહુ લાભપ્રદ નિવડશે. એમ ધારી શ્રીનંદીસૂત્રની ગાથાઓ નીચે ટાંકું છું.

તેમાં પ્રથમ શ્રી અને ધી થી શોભતું, વસ્તીથી ભરપૂર નગરરૂપે શ્રીસંઘની સ્તુતિ કરે છે.

**गुणभवण गहण सुअरयण भरिय दंसणविशुद्धरत्थागा–संघनगर ! भदंतेअक्खं उचारित्त पागारा ॥**

ગુણો રૂપી ઘરોથી ગાઢ—ગીચોગીચ ભરેલું, શ્રુતરત્નથી ભરપૂર સમ્યક્ રૂપી વિશુદ્ધ શેરીઓવાળું, અને અખંડ ચારિત્રરૂપી કીલ્લાવાળા એવા નગર સમાન શ્રીસંઘ તારૂં કલ્યાણ હો.

**વિવેચન**—જેમ એક નગરની શોભા સુન્દર ભવ્ય કલામય ઇમારતો, લક્ષ્મી, સુન્દર શેરીઓ–પાડાઓ અને કિલ્લાથી અક્ષય છે, તેમ શ્રીસંઘનગર પણ ઉત્તરગુણોરૂપી[1] મનમોહક ગગનચુમ્બી ભવ્ય ઇમારતોથી ગાઢ–વ્યાપ્ત છે.

નગરની સામાન્ય લક્ષ્મી કરતાં શ્રીસંઘનગર શ્રુતરત્નો–શ્રીજીનાગમરૂપ રત્નો થી–અચપલ લક્ષ્મીથી પરિપૂર્ણ છે. તેમ ત્રણ પ્રકારના સમ્યક્દર્શનરૂપ[2] શેરીઓથી વિભૂષિત છે. નગરની શેરીઓ ઘણીવાર પારાવાર ગંદકીથી ભરેલી જણાય છે, જ્યારે આ શ્રીસંઘરૂપ નગર તો સમ્યક્દર્શનરૂપ નિર્મલ શેરીઓથી સુશોભિત છે. અને અખંડ ચારિત્રરૂપી મજબૂત અભેદ કિલ્લાથી શ્રીસંઘનગર અજેય છે. જેમ નગરના રક્ષણ માટે અભેદ્ય મજબુત કિલ્લો ન હોય તો દુશ્મનો આવી નગરની લક્ષ્મી લુંટી લ્યે. તેના વૈભવને કચડી નાંખે માટે તેના રક્ષણાર્થે અવશ્ય મજબૂત ગઢ થવો જોઇએજ. એવીજ રીતે આ શ્રીસંઘનગર ગુણો, શ્રુતરત્નો અને સમ્યગ્દર્શનરૂપી શેરીઓથી વિભૂષિત છે, તો એનો પણ સ્વચ્છંદતા, અજ્ઞાનતા આદિ અજેય દુશ્મનો આવીને પરાભવ કરે, તેના વૈભવને કચડી નાંખે, માટે શ્રીસંઘનગરની સમૃદ્ધિનાં રક્ષણાર્થે પણ અભેદ્ય કિલ્લો જોઇએ. એટલે અહીં અખંડ ચારિત્ર મૂલગુણ ( પાંચ મહાવ્રત ) રૂપી અભેદ્ય કીલ્લો રક્ષણ કરે છે. તેથી રક્ષિત છે, આવું મહાન આત્મિક શ્રીથી પરિપૂરિત એવું સંઘનગર સદા જય પામો.

---

૧ " पिंडस्स जाविसोही समिईओ भावणतओ दुविहो, पडियाअभिग्गहाविय उत्तरगुण भोवियाणाहि"] ॥ ૧ ॥ પિંડવિશુદ્ધિ, પાંચ સમિતિ, બાર ભાવના, બે પ્રકારનો તપ, બાર પ્રતિમા, અને અભિગ્રહ આ ઉત્તમ ગુણો છે. શ્રીનંદીસૂત્ર ટીકા.

૨ सम्मत्तं पियतिविहं खओ समियं तहोवसमियंच, खइयंचे ति—સમ્યકત્વ પણ ત્રણ પ્રકારનું છે. ક્ષયોપશમિક, ઔપશમિક, અને ક્ષાયિક. શ્રીનંદીસૂત્ર ટીકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંઘ ચાર પ્રકારનો—સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવીકા રૂપ શ્રીસંઘ ઉપર્યુકત વિશેષણોથી યુક્ત છે. તેથીજ શોભે છે. અને એવા શ્રીસંઘનો સદાએ જયજ હો એમ સુચવ્યું છે.

શ્રીસંઘ સંસારનો ઉચ્છેદક હોવાથી તેને ચક્રની ઉપમા આપી સ્તવે છે.

**संजमतव तुंबारयस्स–सम्मत्त पारिपल्लस्स, अपडिचक्कस्स जओहो उ सया संघचक्कस्स ॥ ५ ॥**

સમય અને તપરૂપી તુમ્બ, અને આરાવાળો, સમ્યકત્વરૂપી ભ્રમીવાળો, અને જેના સમાન બીજું કોઇ ચક્ર નથી એવા અપ્રતિમ ચક્રસમાન શ્રીસંઘચક્રનો જય થાઓ. ॥ ૫ ॥

**વિવેચન**—જેમ એક સુદ્રઢ ચક્રને સુંદર તુમ્બ અને ભ્રમી હોય છે, તેમ આ સુદ્રઢ સંઘરૂપી ચક્ર સત્તર[1] પ્રકારનાં સંયમ અને બાર પ્રકારની[2] તપસ્યારૂપ તુમ્બ અને આરાથી સુશોભિત છે.

બીજા સામાન્ય ચક્રને જેમ ભ્રમી હોય છે તેમ આ શ્રીસંઘચક્રને સમ્યકત્વ-રૂપી મજબુત મનોહર ભ્રમી–કુંડલી છે, અને મહાન્ ચક્રવર્ત્તિઓનાં વિજયચક્રથી પણ અસાધારણ–અનુપમ એવા શ્રીસંઘચક્રનો સદા જય હો–જય પામો, અર્થાત્ વિવિધ પ્રકારનાં સંયમ, વિવિધ પ્રકારનાં તપ અને સમ્યકત્વથી યુક્ત શ્રીસંઘનો જય હો એમ સૂચવ્યું છે. ॥ ૫ ॥ **( ચાલુ )**

---

૧ पंचाश्रवाद्विरमणं पंचेन्द्रियनिग्रहः कषायजयः दण्डत्रयविरतिश्चेतिसंयमः सप्तदश भेदः ॥ १ ॥
પાંચ મહાવ્રત, પાંચ ઈંદ્રિયોના વિષયનો ત્યાગ, ક્રોધ, માન, માયા અને લોભ ચારેનો જય, તથા મનોદંડ, વચનદંડ, અને કાયદંડથી વિરમવું, આ પ્રમાણે સત્તર પ્રકારે સંયમ છે. સંયમના સત્તર ભેદ છે.

૨ તપ બે પ્રકારનાં છે. બાહ્ય અને આભ્યંતર. બાહ્ય તપ છ પ્રકારનો છે અને આ-ભ્યંતર તપ છ પ્રકારનો છે. આવી રીતે તપના બારે ભેદ આ પ્રમાણે છે.

' अनशनमूनोदरतावृत्ते संक्षेपणं रसत्यागः । कायक्लेशः संलीनतेति बाह्यतपः प्रोक्तम् ॥ १ ॥

અનશન, ઉનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ, અને અંગોપાંગને સંકોચાવું આ બાહ્ય તપ છે.

प्रायश्चित्तध्याने वैयावृत्यविनयावथोत्सर्गः । स्वाध्याय इति तपः षट्प्रकारमाभ्यंतरं भवति ॥१॥

પ્રાયશ્ચિત્ત, ધ્યાન, વૈયાવૃત્ય, વિનય, કાયોત્સર્ગ, અને સ્વાધ્યાય–અધ્યયન આ આભ્યંતર તપ છે.

નંદીસૂત્ર ટીકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાભાર સ્વીકાર અને સમાલોચના.

**ખાદી પેહેરશો ?** પ્રગટ કર્ત્તા શ્રી જૈન સસ્તું સાહિત્ય પ્રચારક કાર્યાલય **કલ્લોલ.** લેખક-પ્રભુદાસ. મૂલ્ય બે આના ખાદી શા માટે પેહેરવી, તેમજ તેમાં દયા, આર્થિક બચાવ, સાદાઇ, હિંદનો ઉદ્ધાર, અને ફરજ સમાયેલ છે, તે નવીન શૈલીએ લેખક બંધુએ દર્શાવેલ છે.

---

**શ્રી યતીન્દ્રવિહાર દિગ્દર્શન**—ભાગ ૧ લો. સંયોજક ઉપાધ્યાયજી શ્રીયતીન્દ્રવિજયજી મહારાજ--પ્રકાશક શ્રીસૌધર્મ બૃહત્ તપાગચ્છીય-શ્વેતાંબર જૈન સંઘ કતાપુરા મારવાડ. મૂલ્ય સદુપયોગ, સંવત ૧૯૮૫ નવેમ્બર તા. ૭ મીએ કુકસી મારવાડથી કાઠીયાવાડ, ગુજરાત અને મારવાડ સુધી લાંબો વિહાર કરતાં રસ્તામાં જે જે ગામો તીર્થો વગેરે આવ્યા, તે ગામ તેમાં આવેલ જૈનોનાં ઘર, દેરાસરો, સંસ્થા, ધર્મશાળા વગેરેનું ટુંક વર્ણન, કે જેનાથી સાધુ, સાધ્વી મહારાજ તે વિહાર દરમ્યાન ઉપયોગી થઇ પડે તેમ તથા ડીરેકટરીના રૂપમાં આ બુકમાં સંયોજક મુનિમહારાજે આપેલ છે. સાથે કેટલાક મંદિરજીના શિલાલેખો આપી ઐતિહાસિક અને ભૌગોલિક સાહિત્યની વૃદ્ધિ થઇ છે, જે જાણવા તથા પાસે રાખવા જેવી છે.

---

**શ્રાવકધર્મ**--( શ્રી હરિભદ્રજીસૂરિ કૃત ધર્મબિન્દુ પ્રથમ ભાગ. ભાષાંતર કર્ત્તા તથા પ્રકાશક મણિલાલ ન૦ દોશી બી, એ અમદાવાદ. આ ગ્રંથમાં મૂળસૂત્ર સાથે તેનો અર્થ આપવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં શ્રાવકના સામાન્ય અને વિશેષ ધર્મનું સ્વરૂપ આપવામાં આવેલ છે, ભાષાંતર સરલ આપવામાં આવેલ છે. શ્રાવક ધર્મ પ્રાપ્ત કરનાર જીજ્ઞાસુઓને ઉપયોગી છે, કિંમત એક રૂપીયો. મળવાનું સ્થળ રતનપોળ અમદાવાદ પ્રકાશકને ત્યાં.

---

**આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિક જીવન**--લેખક પરમાનંદ પ્રકાશક ચંદુલાલ ગોકળદાસ શાહ. સુઘોષા કાર્યાલય અમદાવાદ. ધાર્મિક જીવનના કાર્યોમાં કયાં કયાં સુધારણાનો અવકાશ અને જરૂરીયાત છે તે જાણવાનું કેટલુંક આમાંથી મળી શકે તેમ છે. સિવાય નાટકો સંબંધીમાં લેખક મહાશયના વિચારો માટે વિશેષ ઉહાપોહની જરૂર છે, પછીજ નિર્ણય આપી શકાય.

---

**ચૌદ નિયમ ધારવાની સમજ**—પ્રકાશક શ્રીદેશવિરતિ આરાધક સમાજ-અમદાવાદ. શ્રાવક કુળમાં જન્મ પામેલ કોઇ પણ બંધુ કે બ્હેને આ નિયમોને નિરંતર ધારણ કરવાની આવશ્યકતા છે. તે નિયમો ધારવાની જરૂરીયાત તથા તેની ટુંક સમજ બહુ સારી રીતે આ બુકમાં આપવામાં આવી છે. મનન કરવા લાયક અને પછી આદરવા લાયક છે. મળવાનું ઠેકાણું પ્રકાશકને ત્યાંથી.

---

**શ્રી પાવાપુરી તીર્થકા પ્રાચીન** ઇતિહાસ—લેખક બાબુસાહેબ પૂરણચંદજી નહાર. શ્રી પાવાપુરી તીર્થંકર ભગવાનની કલ્યાણક ભૂમિ પ્રાચીન છે, આવા તીર્થોના ઇતિહાસની આ કાળે બહુજ જરૂર છે તેવી આવશ્યકતાવાળા આ તીર્થનો ઇતિહાસ લખી પ્રકટ કરી જૈન ઐતિહાસિક સાહિત્યનું પોષણ કર્યું છે, લેખક મહાશય વિદ્વાન અને ઇતિહાસ, પ્રાચીન શિલાલેખ વગેરેનું સારૂં જ્ઞાન ધરાવે છે. પોતાના પદરના ખર્ચથી સંગ્રહ કરી વિદ્વતા ભરેલી શૈલીથી પ્રકટ કરી જૈન સમાજ ઉપર ઉપકાર કરે છે. કિંમત બે આના.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# વ્યાપારી વર્ગને ઉપયોગી પુસ્તકો.

**માસ્તર પોપટલાલ સાકળચંદ પ્રકાશિત જ્યોતિષનાં બે ઉપયોગી ગ્રંથો.**

કે જેની કિંમતમાં સારો ઘટાડો કર્યો છે.

૧ વર્ષ પ્રબોધ અને અષ્ટાંગ નિમિત—કિં. રૂા ૮) હતી તેના રૂા ૫–૦–૦

૨ અષ્ટાંગ નિમિત અને દિવ્યજ્ઞાન કિં. રૂા ૪) હતી તેના રૂા. ૨–૮–૦

સિવાય જ્યોતિષના બીજા ગ્રંથો.

૧ વિવેક વિલાસ કિં. ૨–૮–૦ ૨ ભદ્રબાહુ સંહિતા ૨–૦–૦ નારચંદ્ર જૈન જ્યોતિષ ૨–૦–૦ શીલીકમાં જુજ નકલ છે. માટે તુરત મંગાવી લેશો—

**જૈન સસ્તી વાંચનમાળા–રાધનપુરીઃબજાર ભાવનગર.**

# ખાસ પાઠશાળાઓ માટે—

મોટા અક્ષર, શુદ્ધ છપાઇ, સારા કાગળ અને પાકું બાઇંડીંગ છતાં કિંમતમાં ઘણા સસ્તા હોવાથી ગુજરાત–કાઠીયાવાડની શાળાઓમાં તેજ મંગાવાય છે.

થોડી થોડી નકલો મંગાવી ખાત્રી કરશો:—

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પંચ પ્રતીક્રમણ મોટી સાઇઝ સંક્ષિપ્ત અર્થ સાથે કિં. | ૦–૮–૦ | સોનકલના | રૂા. ૪૭–૮–૦ |
| ૨ | દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર | ૦–૩–૦ | ,, | ૧૫–૦–૦ |
| ૩ | પંચપ્રતિક્રમણ પોકેટ સાઇઝ પાકું રેશમી પુઠું | ૦–૮–૦ | ,, | ૪૦–૦–૦ |
| ૪ | સામાયિક સૂત્ર વિધિ સાથે | ૦–૧–૦ | ,, | ૪–૦–૦ |
| ૫ | ચૈત્યવંદન–ગુરૂવંદન વિધિ સાથે | ૦–૧–૦ | ,, | ૪–૦–૦ |
| ૬ | ગહુંલી સંગ્રહ | ૦–૩–૦ | ,, | ૧૫–૦–૦ |
| ૭ | રત્નાકર પચ્ચીશી તેમનાથના શ્લોક સાથે. | ૦–૦–૯ | ,, | ૩–૦–૦ |

સિવાય—બાળકોમાં વહેંચવા જેવાં. ઉપયોગી પુસ્તકો ઘણી સસ્તી કિંમતે મળશે.

લખો—જૈન સસ્તી વાંચનમાળા–રાધનપુરી બજાર–ભાવનગર.

# જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં, સમાજમાં પણ દેશ અને સમાજસેવાનો પવન જોશાભેર ફુંકાતો હોવાથી; અમુક અંશે અમુક મનુષ્યો તેવી સેવા કરતા–ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ **જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજપ્રેમ–સેવા અને **શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની** અહોનિશ ઝગમગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે [illegible]પુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સહેજે લલચાઇયે છીએ.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણસેં પાનાનો સચિત્ર ઉંચા કાગળ પર સુંદર ટાઇપમાં ને સુશોભિત બાઇંડીંગથી ગ્રંથ અલંકૃત કરેલ છે. કિં. બે રૂપીઆ પોસ્ટેજ જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કળા અને કેળવણી.

" સરકારી કચેરીના કાયદે ચાલતી કેળવણીની સંસ્થાઓમાં બાળક કે દેશની ભૂખ કોઇ વિચારતું નથી. માત્ર સમયપત્રકોની મર્યાદા પળાય છે કે નહિ તેજ જોવામાં શાળાનો અધિકારી વર્ગ રોકાયેલો હોય છે. તેમને પ્રજાહૃદયના શ્વાસ સ્પર્શતા નથી. તેમનાં મન દેશની સંસ્કૃતિ કે કળાનો રંગ પામ્યાં હોતાં નથી. તેમને તો શાળા ચાલે અને તેમની નોકરી નભે તેટલી જ નજરે કામ કરવું પડે છે. કેળવણી જ્યાં સુધી પ્રજાહૃદયનો નાદ ઝીલે નહિ ત્યાં સુધી તે પારકી જ રહેવાની. જે કામ દેવમંદિરોએ પડતું મુકયું છે તે કામ કેળવણીની જ સંસ્થાઓનું છે. હિંદની કેળવણી દેવમંદિરોમાંથી છુટી પડી છે અને પદલાલિત્ય ચૂકી છે. કળાની સ્વયંપ્રકાશિત નજર વગર તેની ગતિ દિશાશૂન્ય બની છે. કેળવણીનાં ગૃહ બાળકોનાં કેદખાનાં બન્યાં છે. માબાપનાં દબાણ અને શિક્ષકોની ધમકી નીચે પરીક્ષાની વેઠ ઉચકતાં આ દેશનાં બાળકોનાં માનસમાંથી આત્મતેજ હોલવાઇ જાય છે. માનસિક સ્વાતંત્ર્ય વિના કળાનાં સર્જન કયાંથી થાય ? નવીન કથાવિધાન, નવિન શોધ, નવા અખતરા કે નવીન કલ્પના ચિત્રણ આજ પચાસ વર્ષથી અપાતી કેળવણીમાં અજાણ્યાં થઇ પડયાં છે. ચિત્ર, કવિતા, પાઠ બધું જ કોય દૂર દેશના મૂળમાં પ્રગટીને આ દેશનાં બાળકોના મગજ પર ખીલાની જેમ ઠોકાય છે. એનાં ફળ કયાંથી ઉતરે ?

" આ વંધ્ય કેળવણીથી પ્રજાને મુકત કરવાને દેશની કળાઓજ એક અમુક સાધન છે. સંગીત તેમના પ્રાણ જગાડશે, મૂર્તિ પ્રેરણા આપશે. ચિત્રકળા કલ્પના સજીવ કરશે, નૃત્ય જોમ આપશે. મહાન્ વૈજ્ઞાનિક કે મહાન્ ઋષિ તેનાં તત્વચિંતનની પહેલી દશામાં કળાકાર જ હોય છે. કેળવણી માત્રની શરૂઆતમાં મનુષ્યબાળને માટે કળાનું પારણું જોઇશે. એનાં સુકોમળ, સરળ અને મૃદુ માનસના તંતુઓ ઉપર આકરા નિયમો અને શાળાનાં ફરમાનો ન જ હોવાં જોઇએ. એની પંચેન્દ્રિયોના તાર કોઇ પણ કર્કશતાથી તુટે નહિ, બેસૂરા બને નહિ તેની સંભાળ રાખવા, કળાના આદર્શોથી પોષાયલી શિક્ષણ પ્રણાલી યોજાવી જોઇએ. × × × આપણી શાળાઓ દેવમંદિર જેવી દેદિપ્યમાન અને આકર્ષક બને; તેનું દર્શન આ દેશની પરંપરા મુજબ મનોહર લાગે; દેશની સુંદર આકૃતિઓ, મૂર્તિઓ તેના ચણતરમાં ગોઠવાય; તેની દિવાલોપર દેશના પ્રેરક ઇતિહાસ પ્રસંગો અને ભવ્ય જીવનકથાઓ તેમજ ભૂગોળનાં સુંદર દશ્યો હોય; બાળકો અને બાળકોનું તે આશ્રયધામ બને; નગરજનોનું તે સન્માન પામે અને ત્યાં ચિત્ર, સંગીત, કથા અને સ્વપ્રેરિત પ્રયોગોનું ક્રિયાગૃહ હોય; ત્યાંનાં પુસ્તકો અને પદાર્થો લેતાં જોતાં કોઇ મનાઇ પામે નહિ; ત્યાં શિક્ષકો ચોકીદાર ન હોય પણ સહાયકર્તા મિત્ર બની રહે. એવા કળા અને કેળવણીના સહકારની રેલ ચોમેર પ્રસરે તો સમૃદ્ધ, સંસ્કારી અને સર્જક બુદ્ધિનાં નરનારીઓ સત્વર દેશને પ્રાપ્ત થાય. કળા અને કેળવણીની એ રેલ શાળામાંથી વિસ્તરી કારીગરનાં ટાંકણાં અને હાથને યોગ્ય માર્ગે ઉતારે, પરદેશનાં અંધ અનુકરણથી બચાવે અને ગૃહોમાં આ દેશનાં સ્વરૂપોનાં અનેકાનેક સુંદર સર્જનો પહોંચાડી શકે "

શ્રી. રવિશંકર રાવળ.

For Private And Personal Use Only